1. શારીરિક મૂલ્યો

2. સામાજિક મૂલ્યો

3. આધ્યાત્મિક મૂલ્યો

**1. શારીરિક મૂલ્યો :**

[illegible] । ધર્મ માટેનું પ્રથમ સાધન જ શરીર છે. સુખની અનુભૂતિ માટે પણ શરીર-સ્વસ્થ હોવું જરૂરી છે. પહેલું સુખ તે જાતે નર્યા. આમ સ્વસ્થ શરીરનો મહિમા જેટલો કરીએ એટલો ઓછો છે. શરીરના પોષણ માટે જરૂરી એવી તમામ વસ્તુઓનું શારીરિક મૂલ્ય છે. દા.ત., ખોરાક, કપડાં, મકાન, પાણી, દવા વગેરેને લગતી તમામ સામગ્રીનું મૂલ્ય શારીરિક છે. એ જ રીતે સુખસગવડ અને મનોરંજનનાં સાધનોનું મૂલ્ય પણ શારીરિક છે.

**2. સામાજિક મૂલ્યો :**

સામાજિક સંપર્ક, પ્રવૃત્તિ કે વ્યવહારનું સામાજિક મૂલ્ય છે. કુટુંબ, લગ્નસંબંધ, મૈત્રી, સામાજિક સેવાનાં કાર્યો, કર્તવ્ય ભાવના, સાંસ્કૃતિક સંગઠનો-સંસ્થાઓના સભ્ય તરીકે સક્રિય સહયોગ કરવો વગેરે સામાજિક મૂલ્યો છે.

**3. આધ્યાત્મિક મૂલ્યો :**

ધાર્મિક, સર્જનાત્મક અને કલાપ્રવૃત્તિ દ્વારા જે મૂલ્યો પ્રાપ્ત થાય છે તે આધ્યાત્મિક મૂલ્યો છે. ઈશ્વર કે દૈવી તત્ત્વની ઉપાસના, આત્મસાક્ષાત્કાર માટે યોગ-ધ્યાન વગેરેને લગતી પ્રવૃત્તિઓ, સત્યશોધનની બૌદ્ધિક પ્રવૃત્તિ, સંગીત, ચિત્ર, શિલ્પ, નૃત્ય વગેરે સર્જનાત્મક કલાપ્રવૃત્તિઓનું આધ્યાત્મિક મૂલ્ય છે.

એ જ રીતે નિષ્ઠાપૂર્વકનો અભ્યાસ અને ગુરૂનો આદર એ શૈક્ષણિક મૂલ્યો છે. મતાધિકાર, વાણી સ્વાતંત્ર્ય, રાષ્ટ્ર ભક્તિની પ્રવૃત્તિ વગેરે રાજકીય મૂલ્યો છે. કાયમી નોકરી અને નિવૃત્તિ પછીનું પેન્શન વગેરે આર્થિક મૂલ્યો છે. આમ, જીવનના વિવિધ ક્ષેત્રે રૂઢ બનેલી પસંદગી મૂલ્યનું રૂપ વ્યક્ત કરે છે.

વિવિધ પ્રકારનાં મૂલ્યોમાં કયા મૂલ્યો ઉચ્ચતર છે અને કયા નિમ્નતર છે એ બાબતનો નિર્ણય કરવા માટે નીચેના ત્રણ સિદ્ધાંતને પૂર્ણતાવાદીઓ સ્વીકારે છે.

**1**. અંતર્ગત અને બહિર્ગત મૂલ્ય

**2**. ઉત્પાદક અને અનુત્પાદક મૂલ્ય

**3**. ભૌતિક અને અભૌતિક મૂલ્ય

**1. અંતર્ગત અને બહિર્ગત મૂલ્ય :**

**અંતર્ગત મૂલ્ય :** માણસ જે વસ્તુને બીજી કોઈ વસ્તુના સાધન તરીકે નહિ, પણ પોતાને માટે જ પસંદ કરે છે, તેની દૃષ્ટિએ એ વસ્તુનું અંતર્ગત મૂલ્ય છે. મૂલ્યના આ સિદ્ધાંતને સમજવા માટે આપણે બાદશાહ અકબર અને તાનસેનના જીવનનો એક પ્રસંગ જોઈએ. એક સમયે સંગીતરત્ન તાનસેન બાદશાહ અકબરને પોતાના ગુરુ હરિદાસની ઝૂંપડીએ છૂપાવેશે સંગીત સાંભળવા જાય છે. અકબરને તે સંગીત સાંભળતાં અનુભવાયું કે ગુરુ હરિદાસનું સંગીત શિષ્ય તાનસેનના સંગીત કરતાં ક્યાંય ચડિયાતું છે. આથી તેણે તેનું કારણ પૂછ્યું, તાનસેનનો નિખાલસ જવાબ હતો કે પોતે પૈસા અને પ્રતિષ્ઠા માટે સંગીતનો સાધન તરીકે ઉપયોગ કરે છે, ગુરુ હરિદાસ સંગીતને સાધ્યસ્થાને સ્થાપી આરાધના કરે છે. ગુરુ હરિદાસ માટે સંગીત આરાધના છે.

કર્તવ્ય ખાતર કર્તવ્યનું પાલન કરનાર કર્તવ્યનિષ્ઠ વ્યક્તિની દૃષ્ટિએ કર્તવ્યપાલનનું અંતર્ગત મૂલ્ય છે.

જ્ઞાનને ખાતર જ્ઞાન મેળવનાર વ્યક્તિની દૃષ્ટિએ જ્ઞાનનું અંતર્ગત મૂલ્ય છે.

કલાને ખાતર કલાની ઉપાસના કરનાર કલાકારના મતે કલાનું અંતર્ગત મૂલ્ય છે. **અંતર્ગત મૂલ્ય સ્વતઃ સિદ્ધ મૂલ્ય છે.**

**બહિર્ગત મૂલ્ય :** માણસ જે વસ્તુની પસંદગી કોઇ અન્ય વસ્તુની પ્રાપ્તિના સાધન તરીકે કરે, તો તે વસ્તુનું તેની દૃષ્ટિએ બહિર્ગત મૂલ્ય છે.

બહિર્ગત મૂલ્ય એ સાધનરૂપ મૂલ્ય છે. [illegible] । શરીર એ ધર્મ માટે પ્રથમ સાધન છે. કારણ કે ધર્મની સિદ્ધિ શરીર દ્વારા શક્ય બને છે. એ જ રીતે પૈસો, પદ, મકાન કે વાહન વગેરે સાધનરૂપ છે. આથી તેનું મૂલ્ય બહિર્ગત મૂલ્ય છે. પ્રો. રાઇટના મતે બહિર્ગત મૂલ્યો, તેમાંથી નીપજતા પરિણામને આધારે મૂલ્યવાન ગણાય છે. આમ પરિણામને આધારે જે મૂલ્યવાન ગણાય તે બહિર્ગત મૂલ્ય છે.

સાધ્ય-સાધનવિવેક સમજવાવાળા લોકો ઉપર્યુક્ત તફાવતને ધ્યાનમાં રાખી મૂલ્યપસંદગી કરે છે અને પોતાની જીવનવ્યવસ્થા ગોઠવે છે. પરંતુ જ્યારે ક્રમને ઉલટાવી નાખવામાં આવે છે ત્યારે વિવેક ચુકાય છે. દા.ત., જ્ઞાન, કલા, વગેરે પ્રવૃત્તિ સાધનરૂપ બનાવી પૈસો અને પદને સાધ્ય બનાવે છે તેમ જ સત્તાને સાધ્ય બનાવી સેવાને સાધન બનાવે છે.

**2. ઉત્પાદક મૂલ્યો અને અનુત્પાદક મૂલ્યો :**

**ઉત્પાદક મૂલ્યો :**

જે વસ્તુ વપરાશ કે વહેંચણીને લીધે ખૂટી પડતી નથી પરંતુ વૃદ્ધિ પામે છે, તે વસ્તુ ઉત્પાદક મૂલ્ય ધરાવે છે.

વિદ્યારૂપી ધન માટે એક પ્રેરણાદાયી સુભાષિત છે :

**"[illegible]**

**[illegible]"**

વિદ્યારૂપી ધન વાપરવાથી સતત વૃદ્ધિ પામે છે, માટે સર્વ પ્રકારના ધનમાં વિદ્યાધન જ શ્રેષ્ઠ ધન છે. જ્ઞાનની માફક આનંદ, પ્રેમ, કરુણા જેમ જેમ અનુભવાય અને અભિવ્યક્ત થાય તેમ તેમ તેમાં વૃદ્ધિ થાય છે, તેમાં ઘટાડો થતો નથી.

આમ થવાનું કારણ એ છે કે આ મૂલ્યો દૈહિક નથી પરંતુ ચૈતસિક છે. આ પ્રકારની અધ્યાત્મવાદી કે ચૈતન્યવાદી દૃષ્ટિ અનુસાર આનંદ-જ્ઞાન પ્રેમ વગેરે ચૈતન્યલક્ષી ગુણોનો આવિર્ભાવ એક વ્યક્તિગત ભૂમિકા પૂરતો સીમિત રહેતો નથી, તેનો વ્યાપ જેમ જેમ અન્ય પ્રતિ આગળ દોરાય તેમ તેમ તે પ્રસાર પામતો રહે છે. આથી બીજાના હિતમાં વ્યક્તિને પોતાનું હિત અનુભવાય છે, બીજાના સુખમાં પોતાનું સુખ અનુભવાય છે.

**અનુત્પાદક મૂલ્યો :**

અનુત્પાદક મૂલ્યો એવી વસ્તુઓ સૂચવે છે જે વસ્તુ વપરાશ કે વહેંચણીને લીધે વૃદ્ધિ પામતી નથી, પરંતુ ઘટતી જાય છે અથવા ખૂટી જાય છે.

અનાજ, પાણી, જમીન, પૈસા અને તમામ સુખસુવિધાનાં સાધનો અનુત્પાદક મૂલ્ય ધરાવે છે. આથી વસ્તીવધારાવાળા દેશ-પ્રદેશમાં વસ્તુઓનીવહેંચણી એક ગંભીર સમસ્યા છે. અનુત્પાદક મૂલ્યોની પસંદગી કરનારા લોકોની સંખ્યા અત્યંત વધે ત્યારે લોભ, પરિગ્રહ, બીજાનું પડાવી લેવાની ભાવના, શોષણવૃત્તિ વગેરે બાબતો પ્રત્યક્ષ કે પરોક્ષરૂપમાં મૂલ્યવાન બને છે.

સ્વસ્થ, સમૃદ્ધ અને શાન્તિપૂર્ણ સમાજજીવન માટે ધર્મ, નીતિ અને શિક્ષણ દ્વારા ઉત્પાદક મૂલ્યની પસંદગીને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**3. ભૌતિક અને અભૌતિક મૂલ્યો :-**

**ભૌતિક મૂલ્યો :**

ભૌતિક સુખની પ્રાપ્તિમાં જે મદદરૂપ થાય તેનું ભૌતિક મૂલ્ય છે.

માનવશરીર પાંચ પ્રકારની જ્ઞાનેન્દ્રિય ધરાવે છે. (i) શ્રવણેન્દ્રિય, (ii) સ્પર્શેન્દ્રિય (iii) નેત્રેન્દ્રિય (iv) રસનેન્દ્રિય (v) ઘ્રાણેન્દ્રિય. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા પાંચ પ્રકારના વિષયનું જ્ઞાન શક્ય બને છે : (i) શબ્દ (ii) સ્પર્શ (iii) રૂપ (iv) રસ અને (v) ગંધ. શરીર અને ઇન્દ્રિયો ભૌતિક હોવાથી તેના દ્વારા થતો જ્ઞાનનો અને સુખનો અનુભવ પણ ભૌતિક હોય છે. મૂલ્યના સંદર્ભમાં કહીએ તો માણસ જે વસ્તુને ભૌતિક સુખને માટે પસંદ કરે છે તે વસ્તુનું મૂલ્ય ભૌતિક છે. સ્વાદિષ્ટ ખોરાક રસનાનું સુખ આપે છે. સુંદર કુદરતી દૃશ્યો નેત્રોને અને મધુર સંગીત કર્ણોને સુખ આપે છે.

**અભૌતિક મૂલ્ય :**

માણસ જે વસ્તુને ભૌતિક સુખને ખાતર નહિ પરંતુ પોતાની ચેતનાને ખાતર પસંદ કરે અર્થાત્ આત્મસંતોષને ખાતર પસંદ કરે છે, તે વસ્તુનું મૂલ્ય અભૌતિક છે.

માનવવ્યક્તિત્વને મુખ્ય બે ઘટકોમાં વહેંચીને વિચારી શકાય (i) શરીરરૂપ ઘટક (ii) ચેતનારૂપ ઘટક. શરીરરૂપ ઘટક પાંચ ભૌતિકતત્ત્વોના મિશ્રણનું સર્જન છે : પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. ચેતનારૂપ ઘટક અમિશ્રિત અને નિરવયવ છે. તે જ્ઞાનના ગુણને લીધે અભૌતિક ગણાય છે. શરીર સ્થળ, કાળ, કાર્યકારણ વગેરે પરિબળો વડે સીમિત છે પરંતુ ચેતના આ મર્યાદાઓથી મુક્ત છે. શરીર જેમ જાડું-પાતળું, ઊંચુ-નીચું, કાળું-ગોરું હોઈ શકે છે જ્યારે ચેતનાની કક્ષાઓ ઉન્નત કે નિમ્ન હોઈ શકે છે. માનવના ગુણોનો આધાર તેની ચેતનાના વિકાસ ઉપર રહ્યો છે. આથી માનવીય વ્યક્તિત્વનું મૂલ્યાંકન ચેતનાની કક્ષાના આધારે થાય છે. ગુણોની અભિવ્યક્તિ વિચારો, ભાવનાઓ દ્વારા થાય છે. વિચારો, ભાવનાઓ માનવની ચેતનાની અભૌતિક

હકીકતો છે. આમ ભૌતિક- અભૌતિકનો ભેદ ચેતનાગત ભેદ છે.

પરોપકાર, પ્રાર્થના, યોગસાધનાનું મૂલ્ય અભૌતિક છે. કારણ કે તેનાથી ઊંડા આત્મસંતોષની પ્રાપ્તિ થાય છે. આ સંદર્ભમાં અબ્રાહમ લિંકનના જીવનનો પ્રસંગ નોંધપાત્ર છે. કાદવમાં ખૂંપી ગયેલા તરફડતા એક ભૂંડને લિંકને બચાવી લીધું આ ઘટનાનો ખુલાસો કરતાં તેમણે કહ્યું, ''જો એમ ન કર્યું હોત તો પોતે રાત્રે ઊંઘી ન શકત.'' પરોપકાર વ્યક્તિને આત્મિક શાંતિ અને સુખ આપે છે. તેથી તેનું મૂલ્ય અભૌતિક છે.

## મનોયત્ન 7.2

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) માનવજીવનમાં કયાં બે તત્ત્વોનો સિંહફાળો છે ?

(2) કોઈપણ બે શારીરિક મૂલ્યોનાં ઉદાહરણ આપો.

(3) મૈત્રી અને પ્રેમ કયા પ્રકારનાં મૂલ્યો છે ?

(4) અંતર્ગત મૂલ્ય કેવાં મૂલ્ય છે ?

(5) સાધ્યગત મૂલ્ય કેવા મૂલ્યો છે ?

(6) બહિર્ગત મૂલ્ય કેવાં મૂલ્યો છે ?

(7) 'પૈસા' કેવા પ્રકારનું મૂલ્ય છે ?

(8) ઉત્પાદક મૂલ્યનું ઉદાહરણ આપો.

(9) ઈન્દ્રિયસુખનાં સાધનોનું મૂલ્ય કયા પ્રકારનું છે ?

(10) પ્રેમ-કરુણાનું મૂલ્ય કયા પ્રકારનું છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો :**

(1) અંતર્ગત મૂલ્યનું પતન ક્યારે થયું ગણાય છે ?

(2) ઉત્પાદક મૂલ્યનું લક્ષણ દર્શાવો.

(3) વાપરવાથી વધે એવું ધન કયું છે ?

(4) સુખ-સગવડનાં સાધનોનું મૂલ્ય કયા પ્રકારનું છે ?

(5) સામાજિક મૂલ્યનાં ઉદાહરણો આપો.

(6) આધ્યાત્મિક મૂલ્યનાં ઉદાહરણો આપો.

(7) પ્રો. રાઈટના મતે બહિર્ગત મૂલ્યનું લક્ષણ શું છે ?

(8) કર્તવ્ય ખાતર કર્તવ્યનું આચરણ કેવું મૂલ્ય છે ?

(9) અભૌતિક મૂલ્ય એટલે શું ?

(10) ઉત્પાદક મૂલ્યના વ્યાપનો આધાર શું છે ?

* * * *

**મૂલ્ય તરીકે સત્ય, શિવ અને સુંદરનું સ્વરૂપ :**

માનવવ્યક્તિત્વ ત્રિવિધ શક્તિઓ ધરાવે છે. આ ત્રિવિધ શક્તિઓ એટલે વિચારણા, ક્રિયા અને લાગણીની શક્તિ. આ ત્રણ શક્તિના પૂર્ણ વિકાસ દ્વારા વ્યક્તિત્વની પૂર્ણતા પ્રાપ્ત થાય છે. પ્રત્યેક શક્તિનો વિકાસ તેના પોતાના ક્ષેત્રને અનુરૂપ આદર્શને અનુલક્ષીને કરાતી પ્રવૃત્તિ દ્વારા શક્ય બને છે. ત્રિવિધ શક્તિનાં ત્રિવિધ આદર્શ સ્વરૂપો એટલે 1. સત્યમ્, 2. શિવમ્ અને 3. સુંદરમ્નાં ત્રિવિધ મૂલ્યો. આ ત્રિવિધ મૂલ્યોનું સ્વરૂપ અને સંબંધ નીચે પ્રમાણેના ત્રણ મુદ્દા દ્વારા સમજીએ.

(**1**) વ્યાખ્યા

(**2**) મૂલ્યપ્રસ્થાપના

(**3**) વ્યવહાર્યતા

**1. સત્ય :**

**(1) વ્યાખ્યા**

**સત્ય એટલે કોઈપણ વિષય કે વસ્તુના યથાર્થ સ્વરૂપ વિષેના જ્ઞાનનો ગુણધર્મ.** આમ જ્ઞાનનો ગુણ સત્ય છે. આ ગુણ દ્વારા વસ્તુ જેવી છે તેવી મૂળ સ્વરૂપે જણાય છે. સત્યની સંપ્રાપ્તિએ જ્ઞાનપ્રાપ્તિનું ધ્યેય છે સત્ય એ જ્ઞાન પ્રાપ્તિનો આદર્શ છે.

**(2) મૂલ્યપ્રસ્થાપના :**

મૂલ્ય માનવની પસંદગીના સ્વાતંત્ર્યનો વિષય છે અને આ પસંદગીથી આત્મસંતોષ અનુભવાય છે. માનવની જ્ઞાનશક્તિ ત્યારે જ સંતોષાય છે જ્યારે તેની જિજ્ઞાસાને સંતોષે તેવું, અનુરૂપ સત્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. આમ સત્ય એ પસંદગીને પાત્ર મહત્ત્વનું માનવીય મૂલ્ય છે.

**(3) વ્યવહાર્યતા :**

સત્યમૂલ્યની પ્રાપ્તિ શી રીતે કરી શકાય ? સત્ય એ જ્ઞાનનો ગુણ છે તો જ્ઞાન જે માર્ગ વડે અને જે માધ્યમ દ્વારા મળે છે તેની શુદ્ધિ અને વૃદ્ધિ આવશ્યક છે. ઇન્દ્રિય-મન-બુદ્ધિ જો રાગ, દ્વેષ, પૂર્વગ્રહ, પક્ષપાત વગેરે દોષોથી ખરડાયેલાં હોય તો વ્યક્તિ સત્ય વિચારો કરી શકતો નથી. તેના વાણી અને વર્તન પ્રામાણિક કે વિશ્વાસપાત્ર બનતાં નથી. મન, વચન, કર્મની એકરૂપતા સત્યદર્શનની પૂર્વશરત છે. **જેવું માનવું એવુ બોલવું અને જેવું બોલ્યા તેવું વર્તવું એ સત્યમૂલ્ય પ્રાપ્તિની વ્યાવહારિક પ્રવૃત્તિ છે.**

**2. શિવ :**

**(1) વ્યાખ્યા :**

**શિવ એટલે કલ્યાણકારી, મંગલકારી, હિતકારી સ્વધર્મ કે કર્તવ્યના આચરણ દ્વારા પ્રગટ થતો કર્મશક્તિનો ગુણ.** શિવ એ આચાર કે કર્મ સાથે સંકળાયેલો ગુણ છે. આ ગુણ આચારને સર્વોત્તમ બનાવે છે. શિવ દ્વારા કર્મની કૃતકૃત્યતા એટલે ધન્યતા અને આત્મસંતોષનો અનુભવ થાય છે. કર્મનો આદર્શ શિવ કે કલ્યાણ છે.

કોઈપણ સદ્‌વિચાર કે સદ્‌ભાવનું સત્‌કર્મમાં રૂપાન્તર થતું નથી, ત્યાં સુધી શિવ અર્થાત્ કલ્યાણ અસ્તિત્વમાં આવતું નથી. આથી જ મહાત્મા ગાંધીજી કહે છે, ''અધમણ તર્ક કરતાં અધોળ આચરણ શ્રેષ્ઠ છે.'' અર્થાત્ વિચાર કરતા આચરણ વધુ મૂલ્યવાન છે. એમ પણ કહેવાયું છે કે ''ઉપદેશ કરતાં આચરણ ચડે.'' જે લોકો ધર્મ-નીતિ-સદાચાર વિષે સિદ્ધાંતરૂપે બધું જાણે છે પણ તે પ્રમાણે વર્તતા નથી તેઓ એક પ્રકારનો આત્મદ્રોહ કરે છે અને જીવનની ધન્યતાના અનુભવથી વંચિત રહે છે. જેના વિચાર અને વર્તન વચ્ચે ફેર નથી તેવી વ્યક્તિ જીવનની ધન્યતાનો અનુભવ કરે છે.

**(2) મૂલ્યપ્રસ્થાપના :**

ઉદાત્ત ચરિત્રવાળા માણસો પોતાના માનવ્યનું ગૌરવ ત્યારે જ અનુભવી શકે છે જ્યારે પોતાને સમજાયેલી ફરજનું યોગ્ય રીતે પાલન કરે છે. આચાર્ય વિનોબા ભાવે જણાવે છે કે આપણો જન્મ દેવાદાર વ્યક્તિ તરીકે થયો છે, કર્તવ્યપાલન એ જ આ દેવામાંથી મુક્ત થવાનો ઉપાય કે માર્ગ છે. મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈનના શબ્દો છે : ''દરરોજ હું મારી જાતને યાદ કરાવું છું કે મારું આંતરિક અને બાહ્ય જીવન, અન્ય જીવંત અને દિવંગત માનવીઓના પરિશ્રમના આધારે ટકી રહ્યું છે અને મારે પણ મેં અત્યાર સુધી જે કંઈ પ્રાપ્ત કર્યું છે અને હજુ પણ હું પ્રાપ્ત કરી રહ્યો છું તેટલા જ પ્રમાણમાં પાછું વાળી આપવા માટે ખંતપૂર્વક પ્રયાસ કરવા જોઈએ.'' કર્તવ્ય કરનાર કૃતજ્ઞતા-કૃતકૃત્યતા અનુભવે છે અને શિવતત્ત્વના મૂલ્યનું પ્રસ્થાપન કરે છે.

**(3) વ્યવહાર્યતા :**

શ્રીમદ્ ભગવદ્‌ગીતા શિવના મૂલ્યને ચરિતાર્થ કરવા માટે 'નિષ્કામ કર્મયોગ'નું શિક્ષણ આપે છે અને જણાવે છે : ફળની આસક્તિ વિના કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને કરેલાં કર્મ જ સુખદુઃખના ભાવોથી મુક્ત શિવતત્ત્વનો અનુભવ કરાવે છે. જર્મન ફિલસૂફ કેન્ટ કર્તવ્ય ખાતર કર્તવ્યનો સિદ્ધાંત રજૂ કરે છે અને કર્તવ્યનિષ્ઠાના અમલીકરણ માટેનું માર્ગદર્શન આપે છે.

શિવરૂપી મૂલ્યનો સાક્ષાત્કાર કરાવનારાં કર્મોમાં સેવા, પરોપકાર, પ્રેમ, મૈત્રી, કરુણા, દાન, દયા, ક્ષમા વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારનાં-ઉમદા કર્મો ત્યાગ, સમર્પણ અને કેટલીક વાર બલિદાનની પણ અપેક્ષા રાખે છે. ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજના મતે 'ખપી જઈને ખપમાં આવવું એ જ સાચી માનવતા છે.'

**3. સુંદર :**

**(1) વ્યાખ્યા :**

**ચિત્તને સારી રીતે આનંદિત કરે તે સુંદર, અર્થાત્ માનવની લાગણીને રસભર કે આનંદપ્રદ બનાવે તે સુંદર છે.** આમ

સૌન્દર્ય લાગણીસંલગ્ન ગુણ છે. સૌન્દર્ય વડે વ્યક્તિ લાગણી, રસાનુભાવ કે આનંદ પ્રાપ્ત કરે છે. કોઈપણ સુંદર વસ્તુ નિરંતર આનંદ આપનારી બની રહે છે. સુંદરમ્ એ લાગણીનો આદર્શ છે.

**(2) મૂલ્યપ્રસ્થાપન :**

કોઈપણ માણસ જ્યારે પોતાને અત્યંત પ્રિય એવા કોઈપણ વિષયને જોઈને, સાંભળીને, આનંદનો અનુભવ કરે છે આનંદવિભોર બને છે ત્યારે તેને સુંદરનો મૂલ્ય તરીકેનો અનુભવ થાય છે. તે બોલી ઊઠે છે, 'સરસ.' આમ, સૌન્દર્યની મૂલ્યરૂપ ઉપાસના માનવની જીવનદૃષ્ટિએ ઉચ્ચકક્ષાની પ્રવૃત્તિ છે. કારણ કે તેનાથી માણસને કૃતાર્થતા એટલે કે આત્મિક આનંદનો અનુભવ થાય છે.

**(3) વ્યવહાર્યતા :**

''સૌન્દર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે'' કવિ કલાપીની આ પંક્તિ સૌન્દર્યમૂલ્યના સાક્ષાત્કારની પૂર્વશરત રજૂ કરે છે. દરેક માનવમાં સૌન્દર્યપિપાસા રહેલી હોવા છતાં તે સમાનપણે પ્રદીપ્ત થતી નથી. કવિ અને કલાકારની સૃજનશીલ સંવેદના વિશેષ જાગૃત સ્વરૂપની હોવાથી તેની અભિવ્યક્તિ સાહિત્ય, ચિત્ર, નૃત્ય કે શિલ્પ જેવી કલાકૃતિ દ્વારા અભિવ્યક્ત થાય છે. સૌન્દર્યઆસ્વાદન માટે પણ એ દિશાની અભિમુખતા, અભિરુચિ અને સંસ્કારિતા કેળવવી જરૂરી છે.

## મનોયત્ન 7.3

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો.**

(1) માનવવ્યક્તિ મુખ્ય કેટલી શક્તિઓ ધરાવે છે ?
(2) વ્યક્તિની શક્તિનો પૂર્ણ વિકાસ શેના આધારે થાય છે ?
(3) સત્ય શેનો ગુણ છે ?
(4) જ્ઞાનનો આદર્શ શો છે ?
(5) શિવ શેનો આદર્શ છે ?
(6) સુંદર શાનો આદર્શ છે ?
(7) સત્ય દ્વારા કઈ શક્તિનો સંતોષ પ્રાપ્ત થાય છે ?
(8) સત્ય દ્વારા વસ્તુ કયા સ્વરૂપે જણાય છે ?
(9) સૌન્દર્ય દ્વારા શાની પ્રાપ્તિ થાય છે ?
(10) શિવની વ્યવહારુ સિદ્ધિનો આધાર શું છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો.**

(1) વ્યક્તિત્વની પૂર્ણતાનો આધાર શાના પર છે ?
(2) માણસના વ્યક્તિત્વમાં કઈ ત્રિવિધ શક્તિ રહેલી છે ?
(3) ત્રિવિધ શક્તિના આદર્શસ્વરૂપ ત્રિવિધ મૂલ્ય કયાં છે ?
(4) મૂળભૂત ત્રણ મૂલ્યનાં નામ આપો.
(5) સત્યની વ્યાખ્યા રજૂ કરો.
(6) શિવનાં મુખ્ય લક્ષણ દર્શાવો.
(7) સુંદર એટલે શું ?
(8) સુંદરના મૂલ્યની પ્રાપ્તિ શાના વડે થાય છે ?
(9) શિવમૂલ્યનો સાક્ષાત્કાર કઈ રીતે શક્ય બને છે ?
(10) સત્યની સાધનાનો આધાર શું છે ?

* * * *

**'સત્યમ્, શિવમ્ અને સુંદરમ્નો પારસ્પરિક સંબંધ**

સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ત્રિવિધ મૂળભૂત માનવમૂલ્યોનો આવશ્યક પરિચય આપણે મેળવ્યો. હવે એ પ્રશ્નનો ઉત્તર મેળવીએ કે આ મૂલ્યોની પ્રાપ્તિ સમાનપણે અને એકસાથે શક્ય બને છે કે તેમાં મુખ્ય અને ગૌણ એવા ભેદ પડે છે ? વાસ્તવિક

દૃષ્ટાંતોને આધારે આ ત્રણેયની એક સાથે પસંદગીના બદલે મુખ્ય-ગૌણનો ભેદ શક્ય છે.

ગાંધીજીના મતે ''સત્યથી ભિન્ન સૌન્દર્ય છે જ નહિ, આપણો પ્રયત્ન સત્યમ્‌ને પામવાનો હોવો જોઈએ, સુંદરમ્ અને શિવમ્ તો પાછળથી આવી મળશે.'' સત્યમ્, શિવમ્, સુંદરમ્‌ની ત્રિપુટીમાંથી ગાંધીજી સત્યને જ અગ્રસ્થાને મૂકે છે.

મહાન જર્મન નીતિશાસ્ત્રી કેન્ટ માનતા હતા કે લાગણી માણસને હંમેશાં સુખ પ્રતિ દોરી જાય છે. આથી કર્તવ્યબુદ્ધિની પ્રેરણાને અનુસરી કર્તવ્યને કર્તવ્ય ખાતર જ પસંદ કરવું જોઈએ. સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌માં કેન્ટ શિવને અગ્ર સ્થાન આપે છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર અનુસાર ઉત્તમ કલાકાર સૌન્દર્યના રૂપમાં સત્યનું દર્શન કરે છે, આથી કેટલીકવાર તે વાસ્તવિક સત્યના સ્થાને કાલ્પનિક સત્ય દ્વારા આનંદ અનુભવે છે. આમ, સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌માં ટાગોર સુંદરમ્‌ને અગ્ર સ્થાને મૂકે છે.

સૈદ્ધાંતિક દૃષ્ટિએ વિચારતાં જણાશે કે વ્યક્તિત્વ, સ્વભાવ, સંયોગની ભિન્નતાને આધારે મૂલ્યની પસંદગીના પુરુષાર્થના સંદર્ભમાં અગ્રતાક્રમ સંભવે છે. આમ છતાં ત્રણે મૂલ્યો પરસ્પરનાં પૂરક બની શકે છે. સત્યનો ઉપાસક તેનું માનવીય કર્તવ્ય જ બજાવે છે. જ્યારે માણસ સત્યમાં સૌન્દર્યના અને સૌન્દર્યમાં સત્યનાં દર્શન કરે છે ત્યારે જ સાચી કલા ઉદ્‌ભવે છે. એ જ રીતે સત્ય પણ હિતકારી નીવડે છે. આમ, ઉપલક દૃષ્ટિએ આ ત્રિવિધ મૂલ્ય જુદાં જણાતાં હોવા છતાં પરસ્પરનાં વિરોધી નથી પરંતુ પૂરક છે.

મનની ભૂમિકાએ વ્યક્તિત્વ ત્રિવિધ અંગો ધરાવે છે. પરંતુ ચૈતન્યની દૃષ્ટિએ જ્ઞાન અને આનંદ ચૈતન્યનાં જ લક્ષણો છે. આત્મસાક્ષાત્કાર થતાં સત્‌ચિત્‌આનંદ એકરૂપ અનુભવાય છે. આ ભૂમિકાએ ક્રમની ઉચ્ચતા કે નિમ્નતાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

**સત્ય શિવ સુંદર ત્રિવિધ મૂલ્યનું કોષ્ટક**

| 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|
| **મૂલ્ય પ્રકાર** | **વ્યાખ્યાલક્ષી ગુણનો આધાર** | **મૂલ્ય પ્રસ્થાપનાનું કારણ** | **વ્યવહાર્યતાની પ્રવૃત્તિ અને પ્રક્રિયા** |
| સત્ય | જ્ઞાનાત્મક શક્તિનો આદર્શ | જ્ઞાનાત્મક આત્મસંતોષ | જ્ઞાન, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન ક્ષેત્રની જ્ઞાનપ્રાપ્તિની પ્રવૃત્તિ |
| શિવ | ક્રિયા અથવા સંકલ્પ શક્તિનો આદર્શ | કૃતકૃત્યતાનો આત્મસંતોષ | સ્વધર્મ, કર્તવ્યપાલન નૈતિક સદાચરણ |
| સુંદર | ભાવનાગત ઊર્મિશીલતાનો આદર્શ | ભાવનાગત આનંદપ્રાપ્તિ | સાહિત્યિક-કલાલક્ષી સર્જનપ્રવૃત્તિ |

## મનોયત્ન 7.4

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો.**

(1) ગાંધીજી મૂલ્યત્રિપુટીમાંથી કોને મુખ્ય માને છે ?

(2) કેન્ટ કયા મૂલ્યને અગ્રતા આપે છે ?

(3) ટાગોરની દૃષ્ટિએ કલાકાર માટે સૌન્દર્યમાં શાનું દર્શન મહત્ત્વનું બને છે ?

(4) સત્યમ્, શિવમ્, સુન્દરમ્ આ ત્રણેય મૂલ્યોનો આંતરસંબંધ કેવો છે ?

(5) કઈ ભૂમિકાએ ક્રમની ઉચ્ચતા કે નિમ્નતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી ?

**2. નીચેના પ્રશ્નોનો એક-બે વિધાનમાં જવાબ આપો.**

(1) મૂલ્યોના આંતરસંબંધનો પ્રશ્ન શાને લગતો પ્રશ્ન છે ?

(2) કેન્ટ શા માટે કર્તવ્યના મૂલ્યને અગ્રતા આપે છે ?

(3) કલાકાર કાલ્પનિક સત્ય દ્વારા કયા મૂલ્યની પ્રાપ્તિ કરે છે ?

(4) સાચી કલાનો ઉદ્દભવ ક્યારે શક્ય બને છે ?

(5) સત્ય શિવ અને સુંદરના સંદર્ભે કયો ભાવ પ્રગટ કરે છે ?

## સ્વાધ્યાય 7

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) મૂલ્ય એટલે શું ?

(અ) બજારભાવ (બ) વિશેષણો (ક) માનસિક ખ્યાલો (ડ) માનવ પસંદગી

(2) કોના મતે આત્મિક વિકાસ પ્રતિ દોરી જાય એ જ મૂલ્યવાન છે ?

(અ) ડબલ્યુ.એમ. અરબન (બ) જે.એસ.મિલ (ક) ટી.એચ. ગ્રીન (ડ) એફ.એચ.બ્રેડલે

(3) હકીકતલક્ષી વિધાનોની વિશેષતા કઈ છે ?

(અ) વિધાયકતા (બ) વર્ણનાત્મકતા (ક) ભાવાત્મકતા (ડ) અનુભવાત્મકતા

(4) મૂલ્યલક્ષી વિધાનોની વિશેષતા કઈ છે ?

(અ) નિત્ય સત્યતા (બ) વ્યક્તિગત પસંદગી (ક) બિનવૈકલ્પિક (ડ) સર્વલક્ષી

(5) ભૌતિકવાદી જીવનદૃષ્ટિ અનુસાર માણસનું સ્વરૂપ કેવું છે ?

(અ) સ્થૂળ શરીરરૂપ (બ) સૂક્ષ્મ મનરૂપ (ક) મનોશારીરિક (ડ) સ્વયંસંચાલિત યંત્ર

(6) અધ્યાત્મવાદી દૃષ્ટિ અનુસાર માણસનું સ્વરૂપ કેવું છે ?

(અ) પ્રાકૃતિક (બ) જૈવીય સંયોજન (ક) રાસાયણિક સંયોજન (ડ) સત્‌ચિત્‌આનંદરૂપ

(7) ક્યા ધનને શ્રેષ્ઠ ધન કહ્યું છે ?

(અ) ચલણી નાણું (બ) સુવર્ણમુદ્રા (ક) બચાવેલું ધન (ડ) વિદ્યારૂપી ધન

(8) સત્ય એટલે શું ?

(અ) ઈશ્વર (બ) જ્ઞાનનો ગુણ (ક) વિશેષણ (ડ) સંકલ્પના

(9) સુંદર એટલે શું ?

(અ) આકર્ષક (બ) મોહક (ક) આનંદદાયક (ડ) મનોરંજક

(10) સત્યને સર્વોપરી કોણ માને છે ?

(અ) કેન્ટ (બ) ટાગોર (ક) ગાંધીજી (ડ) સરદાર વલ્લભભાઈ પટેલ

**2. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તર લખો.**

(1) હકીકતલક્ષી અને મૂલ્યલક્ષી વિધાનો વચ્ચેનો ભેદ સદૃષ્ટાંત સમજાવો.

(2) મૂલ્યોનાં જીવન દૃષ્ટિ સાથેનો સંબંધ સ્પષ્ટ કરો.

(3) મૂલ્યની વ્યક્તિલક્ષીતા સમજાવીને 'મૂલ્ય વસ્તુલક્ષી પણ છે' એ વિધાન સ્પષ્ટ કરો.

(4) અંતર્ગત મૂલ્યો અને બહિર્ગત મૂલ્યોની સદૃષ્ટાંત સમજૂતી આપો.

(5) ઉત્પાદક મૂલ્યો અને અનુત્પાદક મૂલ્યો સદૃષ્ટાંત સમજાવો.

(6) ભૌતિક મૂલ્યો અને અભૌતિક મૂલ્યોની સદૃષ્ટાંત સમજાવો.

(7) 'સત્ય' મૂલ્યની વ્યાખ્યા, મૂલ્ય પ્રસ્થાપન અને વ્યવહાર્યતા સમજાવો.

(8) 'શિવ' મૂલ્યની વ્યાખ્યા, મૂલ્ય પ્રસ્થાપન અને વ્યવહાર્યતા સમજાવો.

(9) 'સુંદર' મૂલ્યની વ્યાખ્તા, મૂલ્ય પ્રસ્થાપન અને વ્યવહાર્યતા સમજાવો.

(10) સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્‌નો પારસ્પરિક સંબંધ સ્પષ્ટ કરો.

●

# 8 ધર્મનો અર્થ અને ધાર્મિક જીવન

**પ્રસ્તાવના :**

સાંપ્રત સમયમાં માર્ગ ભૂલેલા વિશ્વને ધર્મની તાતી જરૂર છે. વૈજ્ઞાનિક શોધખોળો દ્વારા માનવીએ કરોડો અને અબજો માઈલોનાં અંતરને ટૂંકાવી નાખ્યાં છે, પરંતુ માનવી પોતાની જાતથી વધારે ને વધારે દૂર થતો જાય છે. ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટ વગેરેની સુખ અને સગવડો ભોગવતો માનવી અંતરની સાચી શાંતિ ગુમાવી બેઠો છે. તે એક પ્રકારનો આંતરિક ખાલીપો અનુભવે છે. આ સંદર્ભમાં વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોર તેમના પુસ્તક ‘માનવધર્મ’ના આરંભમાં લખે છે : ‘‘રસ્તો બહાર જતો હતો, ત્યાં તેને અર્થ મળ્યો નહીં તે ઘર તરફ વળ્યો ત્યાં તેને અર્થ મળ્યો.’’ કવિવર ટાગોરના આ કથનનું તાત્પર્ય એ છે કે માનવી જ્યાં સુધી ભૌતિકતા તરફની આંધળી દોટમાં પરોવાયેલો રહે છે, ત્યાં સુધી પોતાના જીવનનો અર્થ તે પામી શકતો નથી; માનવી જ્યારે પોતાના અંતરમાં પ્રવેશે છે ત્યારે જ તેને જીવનના સાચા અર્થની પ્રાપ્તિ થાય છે. આ જ સંદર્ભમાં ધર્મની સમજૂતી આપતાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ લખે છે, ‘‘ધર્મ એ નિયમ કે કોઈ વહેમ નથી, સ્વાર્થી ધર્મગુરુઓએ મનુષ્યની અજ્ઞાનતાનો ગેરલાભ ઉઠાવવા માટે તેમને ઘેનમાં નાખવા યોજેલું અફીણ નથી કે કોઈ સત્તાધીશોનો કાયદો નથી, પરંતુ મનુષ્યોને સાચા માનવ તરીકે જીવન જીવવાની સૂઝ આપનાર આંતરદૃષ્ટિ છે.’’

**ધર્મનો અર્થ :**

ધર્મ, સંપ્રદાય, મઝહબ ‘રિલિજિયન’ (Religion) વગેરે શબ્દો સામાન્યતઃ સમાન અર્થમાં એકબીજાના પર્યાય તરીકે વપરાય છે. પરંતુ સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે કે તે દરેક શબ્દનો અમુક ચોક્કસ અને વિશિષ્ટ અર્થ છે. આ વિવિધ શબ્દોમાંથી વ્યાપક અને સર્વગ્રાહી અર્થ ધરાવનાર શબ્દ ‘ધર્મ’ છે. ‘ધર્મ’ શબ્દ સંસ્કૃત ભાષાના ‘ધૃ’ ([illegible]) ધાતુ ઉપરથી ઊતરી આવેલો છે. ‘ધૃ’ એટલે ‘ધારણ કરવું’, ‘ટકાવી રાખવું’. આ સંદર્ભમાં ધર્મ એ જીવ અને જગતને ધારણ કરનાર અને ટકાવનાર તત્ત્વ છે. મહર્ષિ વેદ વ્યાસ કહે છે, ‘‘જે તત્ત્વ, નિયમ કે સિદ્ધાંત સમાજને અને વ્યક્તિને, સમસ્ત જડ-ચેતન જગતને ધારણ કરે છે, ટકાવી રાખે છે, સમગ્ર વિશ્વનું નિયમન કરે છે, જે સમગ્ર વિશ્વનું રક્ષણ કરે છે તે ધર્મ છે.’’ ધર્મ માટે વપરાતો અંગ્રેજી શબ્દ ‘Religion’ લેટિન શબ્દો ‘Re’ અને ‘Legere’માંથી આવેલો છે, જેનો અર્થ છે ‘ફરી બાંધવું’. આને અનુલક્ષીને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ કહે છે કે, ‘‘ધર્મનો શબ્દાર્થ જ એમ સૂચવે છે કે ધર્મ એ માનવસમાજની વ્યવસ્થાને સુદૃઢ બનાવનારું અને માનવસમાજની એકતાને જાળવી રાખનારું પરિબળ છે.’’ આમ ધર્મ એ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર જીવનને ધારણ કરનાર શક્તિ છે.

જગતના બધા જ ધર્મોમાં સદાચરણને અનુસરવાનો અને દુરાચરણથી દૂર રહેવાનો ઉપદેશ છે. ધર્મના આ ઉપદેશ અંગેનો સુવર્ણ નિયમ એ છે કે **‘‘બીજા લોકો પાસેથી જેવા વર્તનની તમે અપેક્ષા રાખો છો, તેવું વર્તન તમે બીજા લોકો સાથે રાખો.’’** કેટલાક ચિંતકો ધર્મને ‘સત્યનું અનુશીલન’ કે ‘સદ્વર્તનના નિયમ’ તરીકે ઘટાવે છે. આચાર્ય આનંદશંકર ધ્રુવ તેમના ‘આપણો ધર્મ’ પુસ્તકમાં લખે છે કે, ‘‘સમગ્ર જગતના સત્યસ્વરૂપને સમગ્ર આત્માથી અનુકૂળ થવું એનું નામ જ ધર્મ. ધર્મ એ આત્માની કોઈ એક જ વૃત્તિ કે ખંડ નથી પણ સમસ્ત આત્મામાં વ્યાપેલો છે. ધર્મ મનુષ્યને સહજ સ્વાભાવિક છે, તેમ ધર્મનો આવિર્ભાવ પણ એનામાં સ્વભાવ થકી જ થાય છે.’’ પંડિત સુખલાલજી અનુસાર, ‘‘ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ તેમજ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર.’’

પાશ્ચાત્ય ધર્મમીમાંસક એડવર્ડ ધર્મને સમજાવતાં લખે છે : ‘‘ધર્મ એ માત્ર માન્યતાનો વિષય નથી. બધાં મૂલ્યોના અધિષ્ઠાનરૂપ એક અલૌકિક તત્ત્વ છે. તેને એમ માનીને બેસી રહેવાનું અહીં શક્ય જ નથી. પૂજા, પ્રાર્થના દ્વારા આ તત્ત્વની સાથે લાગણીગત સંબંધ બાંધીને, સેવાભાવનાનાં કર્મો દ્વારા પ્રસન્ન કરીને, પોતાના સમગ્ર જીવનમાં આ અલૌકિક તત્ત્વ સાથેની એકતા અને સંવાદિતા સ્થાપવામાં ધર્મનું હાર્દ સમાયેલું છે.’’ આ દૃષ્ટિએ ધર્મ વ્યક્તિના જીવનના કોઈ એકાદ પાસાને જ નહિ પરંતુ તેના સમગ્ર વ્યક્તિત્વને આવરી લેનારું તત્ત્વ છે.

ધર્મની ઉપર્યુક્ત સમજણ પરથી એ સ્પષ્ટ થાય છે કે ધર્મ મનુષ્યોને સાચા માણસ તરીકે જીવન જીવવાની સૂઝ આપનાર અંતરદૃષ્ટિ છે ; ધર્મ વ્યક્તિ, સમાજ અને સમગ્ર વિશ્વનું નિયમન કરનાર તત્ત્વ છે; ધર્મના ઊંડા અભ્યાસ દ્વારા માનવીમાં અહિંસા, ઉદારતા, સત્ય, સહિષ્ણુતા, નિર્ભયતા, પ્રેમ, શાંતિ, કરુણા વગેરે જેવા માનવતાના ગુણો સ્થાપિત થાય છે. અર્થાત્ ધર્મ માણસને સદાચારી બનાવે છે. આમ, જીવનના વ્યવહારને સરળ બનાવવા માટે, માનવ - માનવના પરસ્પરના સંબંધો ટકાવી રાખવા માટે, સમાજમાં શાંતિ, નીતિ અને સદાચારનું સામ્રાજ્ય સ્થાપવા માટે ધર્મની વ્યાપક સૂઝ આવશ્યક છે. **આથી જ, ધર્મ એ જીવનપંથ ઉજાળનાર પ્રદીપ છે.**

## મનોયત્ન 8.1

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) 'માનવ ધર્મ' પુસ્તકના રચયિતા કોણ છે ?

(2) 'ધર્મ' શબ્દના કોઈપણ બે પર્યાયો લખો.

(3) 'ધર્મ' શબ્દ સંસ્કૃત ભાષાની કઈ ધાતુ પરથી ઊતરી આવેલો છે ?

(4) 'રિલિજિયન' (Religion) શબ્દનો અર્થ જણાવો.

(5) માનવ સમાજની એકતાને જાળવી રાખનારું પરિબળ કયું છે ?

(6) પ્રત્યેક ધર્મ શેને અનુસરવાનો ઉપદેશ આપે છે ?

(7) પ્રત્યેક ધર્મ શેનાથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે ?

(8) આનંદશંકર ધ્રુવના ધર્મ અંગેના પુસ્તકનું નામ શું છે ?

(9) ધર્મને સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ તરીકે કોણ ઓળખાવે છે ?

(10) એડવર્ડનાં મતે ધર્મ સાથે લાગણીગત સંબંધ શેના દ્વારા સ્થપાય છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો :**

(1) માનવીને જીવનના અર્થની પ્રાપ્તિ ક્યારે થાય છે ?

(2) ડૉ. રાધાકૃષ્ણન, આચાર્ય આનંદશંકર ધ્રુવ અને પંડિત સુખલાલજીએ આપેલી ધર્મની વ્યાખ્યાઓ લખો.

(3) 'ધૃ' ધાતુનો અર્થ લખો.

(4) 'રિલિજિયન' શબ્દ કયા બે લેટિન શબ્દોનો બનેલો છે ?

(5) વેદવ્યાસજીના મતે ધર્મ એટલે શું ?

(6) પ્રત્યેક ધર્મ શેનો ઉપદેશ આપે છે ?

(7) જગતના તમામ ધર્મોનો 'સુવર્ણ નિયમ' શું છે ?

(8) એડવર્ડના મતે ધર્મનું હાર્દ શું છે ?

(9) ધર્મના અભ્યાસથી માનવીમાં કેવા પ્રકારના ગુણો પ્રકટે છે ?

(10) ધર્મની વ્યાપક સૂઝ શા માટે આવશ્યક છે ?

* * * *

**ધાર્મિક જીવનનું વિશ્લેષણ :**

ધાર્મિક જીવન દ્વારા માનવમાં અહિંસા, સત્ય, પ્રેમ, શાંતિ, કરુણા વગેરે ગુણો પ્રગટે છે. આ ગુણોના સિંચન દ્વારા મનુષ્ય સાચું જીવન જીવી શકે છે; સાચો માનવી બની શકે છે ધાર્મિક જીવનનું આ ધ્યેય જ્યારે પૂરેપૂરું પાર પડે ત્યારે એમ કહી શકાય કે માણસ માણસ મટીને દેવ કે ઈશ્વરકોટિએ પહોંચે છે. આ દૃષ્ટિએ એમ કહી શકાય કે 'દૈવી તત્ત્વ', 'ઈશ્વર કે પરમાત્મા'ની આરાધના કરવી એ ધાર્મિક જીવનનું હાર્દ છે. જો ધાર્મિક જીવન એ પરમતત્ત્વ કે દૈવી તત્ત્વને પામવા માટેનું જીવન હોય તો તે ધાર્મિક સ્થળોએ જવાથી આરંભ થાય અને ધાર્મિક સ્થળોની બહાર નીકળવા માત્રથી તે પૂરું થાય એવું બની શકે નહિ. ધાર્મિક સ્થળો તો પરમતત્ત્વ સાથે અનુસંધાન કરાવનાર એક પરિબળ છે. ધાર્મિક જીવન તો ધાર્મિક સ્થળની અંદર તેમજ બહાર સર્વત્ર અને જીવનની પ્રત્યેક ક્ષણે જીવવાનું હોય છે. આમ, ધાર્મિક જીવન એ માનવના સમગ્ર વ્યક્તિત્વ અને જીવન વ્યવહારને આવરી લે છે.

માણસના સમગ્ર વ્યક્તિત્વને સમજવા માટે માનવીના (1) વિચારો (2) લાગણીઓ અને (3) કર્મો એ ત્રણ પાસાંને જાણવાં જરૂરી છે. આનો અર્થ એ કે જો ધર્મ માણસના સમગ્ર વ્યક્તિત્વને આવરી લેતો હોય તો તેનો માણસના વિચારો, લાગણીઓ અને કર્મો એ ત્રણેય સાથે સંબંધ હોવો જોઈએ. સંપૂર્ણપણે વિકસિત એવા ધાર્મિક જીવનનું વિશ્લેષણ કરવામાં આવે તો તેમાં માણસના 1. વિચારો કે બુદ્ધિ સાથે સંકળાયેલું જ્ઞાનાત્મક પાસું 2. લાગણીઓ કે ભાવનાઓ સાથે સંકળાયેલું સંવેદનાત્મક પાસું અન 3. કર્મ કે વર્તણૂક સાથે સંકળાયેલું નૈતિક પાસું, એ ત્રણ પાસાં જોવા મળે છે. બીજી રીતે કહીએ તો પૂર્ણ ધાર્મિક

જીવનમાં 1. જ્ઞાન 2. ભક્તિ અને 3. નીતિનું અનિવાર્ય સ્થાન છે. જ્ઞાન, ભક્તિ, નીતિ એ વૈરાગ્ય વગર સિદ્ધ થતાં નથી. આમ, વૈરાગ્ય પણ ધાર્મિકજીવનનું એક આવશ્યક અંગ છે. માણસના ધાર્મિક જીવનમાં જ્ઞાન, ભક્તિ નીતિ અને વૈરાગ્યનું જે સ્થાન છે તેની સ્પષ્ટ સમજૂતી મેળવીએ.

**1. ધાર્મિક જીવનમાં જ્ઞાનનું સ્થાન :**

આપણે જોયું કે પોતાના કરતાં ઉચ્ચ એવા કોઈ દૈવી તત્ત્વની આરાધના કરવી એ ધાર્મિક જીવનનું હાર્દ છે. માનવ જે તત્ત્વને ધર્મ દ્વારા પામવા મથે છે તે તત્ત્વનું સ્વરૂપ કેવું છે અને આ જગતના પદાર્થો અને પ્રાણીઓ સાથે આ તત્ત્વને શું સંબંધ છે વગેરે પ્રશ્નોના જવાબમાંથી ધર્મનું જ્ઞાનાત્મક પાસું ઉજાગર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો પરમાત્મા, જીવ અને જગત (તત્ત્વત્રયી) એ ત્રણેય તત્ત્વનું સ્વરૂપ અને તેમના એકબીજા સાથેના સંબંધ અંગેની તાત્ત્વિક માન્યતાઓ એ ધાર્મિક જીવનના પાયામાં રહેલું જ્ઞાનાત્મક પાસું છે.

પરમતત્ત્વનું સ્વરૂપ અને તેના જીવ અને જગત સાથેના સંબંધનું નિરૂપણ વેદ, ઉપનિષદ, ગીતા, કુરાન, બાઈબલ, ગ્રંથસાહેબ જેવા જુદા જુદા ધર્મગ્રંથો કે શાસ્ત્રોમાં છે. બધા ધર્મના અનુયાયીઓ પોતપોતાના શાસ્ત્રગ્રંથોમાં રજૂ થયેલી જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ અને સંબંધ અંગેની માન્યતાઓમાં શ્રદ્ધા રાખે છે. બધાં ધર્મોમાં અને કોઈ પણ વ્યક્તિના ધાર્મિક જીવનમાં શ્રદ્ધાનું જે મહત્ત્વપૂર્ણ સ્થાન છે તે ધર્મના જ્ઞાનાત્મક પાસાંને આભારી છે.

જીવ, જગત અને પરમતત્ત્વના સ્વરૂપ અને તેમના પરસ્પરના સંબંધ અંગેની માન્યતાઓનો ધાર્મિક માણસો શ્રદ્ધાથી સ્વીકાર કરે છે, એ ખરું હોવા છતાં માણસ બુદ્ધિશીલ હોવાથી શ્રદ્ધાથી સ્વીકારવામાં આવેલી ધાર્મિક માન્યતાઓ વિશે પણ બુદ્ધિથી વિચારે છે. મનુસ્મૃતિ તો ત્યાં સુધી કહે છે, ''જે ધર્મને તર્ક (બુદ્ધિ) વડે સમજણમાં ગોઠવે તે જ એને સમજે છે, બીજો નહિ.'' કુરાનમાં પણ સ્પષ્ટ ભાષામાં એમ કહેવાયું છે, ''આ કુરાનના પુસ્તકને તારી આગળ એટલા માટે પ્રગટ કર્યું છે કે તું લોકોને અજ્ઞાનના અંધારામાંથી બહાર કાઢીને તેમને નિશ્ચિત જ્ઞાનના પ્રકાશમાં લાવી શકે. અમે લોકો પાસે એવો જ પયગંબર મોકલ્યો છે કે જે લોકોની બુદ્ધિમાં ઊતરે એ રીતે એમની ભાષામાં તેને સંબોધે.''

આમ, એ સ્પષ્ટ થાય છે કે ધાર્મિક શ્રદ્ધાને બુદ્ધિગમ્ય બનાવવાના પ્રયત્નરૂપે ધાર્મિક જીવનમાં કથાશ્રવણ, સંતસમાગમ, શાસ્ત્રાભ્યાસ, જ્ઞાનગોષ્ઠિ વગેરે બાબતો મહત્ત્વની છે અને આ બધી બાબતો ધાર્મિક જીવનનાં જ્ઞાનાત્મક પાસાંને સુદૃઢ કરે છે.

**2. ધાર્મિક જીવનમાં ભક્તિનું સ્થાન :**

માણસ ધાર્મિક જીવન દ્વારા જે પરમતત્ત્વને પામવા ઈચ્છે છે તેના પ્રત્યે તેને અપાર સ્નેહ હોય એ જરૂરી છે. કારણ કે કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ તે વસ્તુ પ્રત્યેના સાચા અને ઊંડા સ્નેહ વગર સંભવતી નથી. સ્નેહનું બીજું નામ ભક્તિ છે. આમ, પરમતત્ત્વ કે આરાધ્યદેવતાની ભક્તિનું ધાર્મિક જીવનમાં વિશિષ્ટ સ્થાન છે અને તેથી શરણાગતિની ભાવના, પૂજા, પ્રાર્થના, ભજન વગેરે પ્રવૃત્તિઓ ધાર્મિક જીવનનું અનિવાર્ય અંગ છે. આથી જ કુરાન આજ્ઞા આપે છે કે, ''પોતાના પાલનકર્તા અલ્લાહનું નામસ્મરણ કરો અને અન્ય સર્વ વસ્તુઓનો મોહ છોડી એનામાં જ ચિત્ત પરોવો.'' બાઈબલમાં પણ આજ્ઞા કરવામાં આવી છે કે, ''નિરંતર પ્રાર્થના કરતા રહો.'' ગાંધીજીએ પણ લખ્યું છે, ''પ્રાર્થના એ દરેક ધર્મનું અવિભાજ્ય અંગ છે અને તેથી એ દરેક મનુષ્ય અને સમાજના જીવનનું પણ અવિભાજ્ય અંગ હોવું જોઈએ.'' આનો અર્થ એ કે સાચા ધાર્મિક માણસનું જીવન પ્રાર્થનામય કે ઈશ્વરમય જ હોય છે.

ધાર્મિક જીવનમાં ભક્તિના મહત્ત્વને દર્શાવતા છે કે એમ કહી શકાય કે જ્યાં ભક્તિ નથી ત્યાં ધર્મ નથી. ધાર્મિક જીવનમાં ભક્તિના સ્થાન અંગે એ મુદ્દો ખાસ નોંધપાત્ર છે કે ધર્મમાં ભક્તિની અનિવાર્યતા છે, એટલું જ નહિ ભક્તિ એ ધર્મની આગવી વિશેષતા પણ છે. અમુક માણસ ધાર્મિક ન હોવા છતાં તે જ્ઞાની, નીતિમાન કે વૈરાગ્યશીલ હોઈ શકે છે, પણ ભક્ત હોઈ શકતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાન, નીતિ અને વૈરાગ્ય એ ધાર્મિક જીવનનાં બીજાં અંગો ધાર્મિક બન્યા સિવાય પણ સંભવી શકે છે, પણ ભક્તિ તો હંમેશાં ધર્મની સાથે જોડાયેલી જ છે.

'જે માણસ ભક્ત હોય તે ધાર્મિક હોય જ છે' એમ કહેવાનો અર્થ એ છે કે સાચી ભક્તિ ક્યારેય ધર્મનાં બીજાં ત્રણ અંગો જ્ઞાન, નીતિ અને વૈરાગ્ય વગર હોતી જ નથી. જે માણસ પોતાને ભક્ત કહેવડાવતો હોય અને છતાં જો તેનામાં ધર્મજ્ઞાન માટેની તત્પરતા ન હોય, સદાચાર માટેનો આગ્રહ ન હોય અને જગતના વિષયભોગ પ્રત્યે વૈરાગ્ય ન હોય તો તેના પરથી એમ કહી શકાય કે એ માણસ ભક્તિનો મર્મ પામ્યો નથી, અર્થાત્ તે સાચો ભક્ત નથી. કારણ કે સાચી ભક્તિ એ ધાર્મિક જીવનનું એક એવું અંગ છે કે જેની હાજરી માત્રથી જ ધાર્મિક જીવનમાં બીજાં અંગો સમાઈ જાય છે.

**3. ધાર્મિક જીવનમાં નીતિનું સ્થાન :**

ધાર્મિક માણસ એકલો જ્ઞાની કે ભક્ત હોય તે પર્યાપ્ત નથી, તે પરોપકારી અને સદાચારી પણ હોવો જોઈએ. ભાગવતમાં કહ્યું છે કે, ''સર્વ પ્રાણીઓમાં અંતર્યામીરૂપે વાસ કરી રહેલો જે હું તેનું માણસે દાન, માન, મૈત્રી અને ભેદભાવરહિત દૃષ્ટિથી પૂજન કરવું ઘટે.'' ધાર્મિક જીવનનો આરંભ નીતિમત્તાથી જ થવો ઘટે, આ સંદર્ભમાં બાઈબલ પણ જણાવે છે, ''જે માણસ પોતાની નજર સમક્ષ દેખાતા બાંધવો પ્રત્યે પ્રેમ નથી રાખી શકતો તે અપ્રત્યક્ષ ઈશ્વર પ્રત્યે કેવી રીતે પ્રેમ રાખી શકશે ?'' આમ સાચી ધાર્મિકતા નીતિમત્તાથી અલગ હોતી નથી.

સામાજિક દૃષ્ટિએ જોતાં નીતિ કે સદાચાર એ ધર્મનું સૌથી વધારે મહત્ત્વપૂર્ણ અંગ છે. ધાર્મિક માણસ ઈશ્વર, જગત અને જીવ સંબંધી કઈ માન્યતા ધરાવે છે અને તે ઈશ્વરની કઈ રીતે ઉપાસના કરે છે, તે પ્રશ્ન ધાર્મિક માણસના વ્યક્તિગત જીવન સાથે સંબંધ ધરાવે છે, જ્યારે માણસ સદાચારી છે કે નહિ એ પ્રશ્નનું સામાજિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. ધાર્મિક જીવનમાં સદાચારના આ મહત્ત્વને ધ્યાનમાં રાખીને જ ભારતની ધર્મ પરંપરામાં નીતિ-નિયમોનું વર્ણન કરનારાં શાસ્ત્રોને ''ધર્મશાસ્ત્રો'' કહેવામાં આવે છે.

સદાચાર કે નીતિ એ ધાર્મિક જીવનનું કેવળ એક અંગ જ છે પણ આ અંગ સમાજિક દૃષ્ટિએ એટલું બધું મહત્ત્વનું છે કે 'ધર્મ એટલે સદાચાર અને સદાચાર એટલે ધર્મ' એવું સમીકરણ થઈ શકે છે. ગાંધીજીના મતે : ''મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક, ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.'' ડૉ. રાધાકૃષ્ણન અનુસાર, ''ધર્મ એ કેવળ અમુક માન્યતા કે અમુક લાગણી કે અમુક કર્મકાંડ નથી પણ પરિવર્તિત જીવન છે. માણસની ધાર્મિકતાની પરીક્ષા તેની બૌદ્ધિક માન્યતાઓથી નહિ પણ તેના ચારિત્ર્ય અને તેના વલણથી થાય છે.''

**4. ધાર્મિક જીવનમાં વૈરાગ્યનું સ્થાન :**

આપણે જોયું કે જ્ઞાન, ભક્તિ અને કર્મ કે નીતિ એ ધાર્મિક જીવનનાં આવશ્યક પાસાં છે. આ ત્રણેયને સિદ્ધ કરવા માટે ઇન્દ્રિયનિગ્રહ અને મનોનિગ્રહની જરૂર પડે તે સ્વાભાવિક છે. શ્રીમદ્ ભગવદ્ગીતા અનુસાર આ જાતનો નિગ્રહ વૈરાગ્યથી શક્ય બને છે. સાધકે વિષયભોગનો ત્યાગ કરવો જ પડે છે, કારણ કે ''ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના.'' આથી વૈરાગ્ય પણ ધાર્મિક જીવનની અનિવાર્યતા છે.

**વૈરાગ્યનો અર્થ છે 'ઇન્દ્રિયોના વિષયરૂપ વસ્તુઓમાં રાગ (આસક્તિ)નો અભાવ, અર્થાત્ વિષયભોગમાં અનાસક્તિ.'**

ધાર્મિક જીવનમાં જે વૈરાગ્યની આવશ્યકતા છે, તે વૈરાગ્ય, જગતનાં દુઃખોના કંટાળામાંથી કે બિનજવાબદારીમાંથી જન્મેલો નથી પણ જીવ, જગત અને પરમાત્માના સ્વરૂપના સાચા જ્ઞાનમાંથી જન્મેલો હોય છે. મૃત્યુ, વૃદ્ધાવસ્થા, રોગ, પ્રિયનો વિયોગ, અપ્રિયનો સહયોગ જેવી અનિચ્છિત પરિસ્થિતિઓ આવે ત્યારે પોતાની ધીરજ ડગે નહીં, એવી રીતે જે પોતાના ચિત્તને દૃઢ રાખે છે તેનામાં વૈરાગ્ય છે એમ કહી શકાય. વિવેક, સાદાઈ, નમ્રતા, તપ વગેરે ગુણો પણ વૈરાગ્યના વ્યાપક અર્થમાં સમાઈ જાય છે. આ બધા ગુણો ધાર્મિક જીવનમાં અનિવાર્ય છે અને તેથી જ પ્રત્યેક ધર્મમાં વૈરાગ્યને પોષક એવાં તપ અને સંયમપ્રધાન વ્રતોનો મહિમા સ્વીકારવામાં આવે છે.

આમ ધાર્મિક વ્યક્તિના જીવનમાં જ્ઞાન, ભક્તિ, સદાચાર અને વૈરાગ્ય એ ચાર અંગો પૂર્ણ રીતે વિકસેલાં હોવાં જોઈએ. જગતના મહાન ધર્મો અને ધર્માત્માઓના જીવન તરફ દૃષ્ટિ કરતાં આપણને આ સત્યની પ્રતીતિ થાય છે. ભક્તકવિ નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન' એ ભજનમાં ગણાવેલાં વૈષ્ણવ કે ભક્તનાં લક્ષણોમાં ધર્મના આ ચારેય પાસાંનો ઉલ્લેખ થયેલો છે. ધાર્મિક જીવનના આ ચારેય અંગોને એકબીજાની અપેક્ષા છે અને તેમાંના કોઈ એક અંગની પણ ન્યૂનતા ધાર્મિક જીવનને અપૂર્ણ બનાવે છે.

## મનોયત્ન 8.2

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) માનવીના વિચારો કે બુદ્ધિ સાથે કયું પાંસુ સંકળાયેલું છે ?

(2) માનવીના કર્મ કે વર્તણૂક સાથે કયું પાંસુ સંકળાયેલું છે ?

(3) 'સ્નેહ' નું બીજું નામ શું છે ?

(4) ગાંધીજીના મતે, 'દરેક ધર્મનું અવિભાજ્ય અંગ' શું છે ?

(5) ધર્મની આગવી વિશેષતા કઈ છે ?

(6) ભક્તિ હંમેશાં કોની સાથે જોડાયેલી રહે છે ?

(7) ધાર્મિક જીવનનો આરંભ શેનાથી થાય છે ?

(8) ભારતની ધર્મપરંપરામાં નીતિનિયમોનું વર્ણન કરતાં શાસ્ત્રોને શું કહેવાય છે ?

(9) 'આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ' એટલે શું ?

(10) 'વિષયભોગમાં અનાસક્તિ' એટલે શું ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો :**

(1) ધાર્મિક જીવન દ્વારા માનવીમાં કેવા પ્રકારના ગુણો પ્રગટે છે ?

(2) ધાર્મિક જીવનનું હાર્દ શું છે ?

(3) કયા પાસાંઓ માનવીના સમગ્ર વ્યક્તિત્વને સમજવા માટે જરૂરી છે ?

(4) કયા ધર્મગ્રંથો પરમ તત્ત્વના જીવ-જગત સાથેના સંબંધનું નિરૂપણ કરે છે ?

(5) ધાર્મિક શ્રદ્ધાને બુદ્ધિગમ્ય બનાવવા કઈ બાબતો મહત્ત્વની છે ?

(6) સાચા ધાર્મિક માણસનું જીવન કેવું હોય છે ?

(7) કેવા પ્રકારનું સમીકરણ સામાજિક નીતિનું મહત્ત્વ દર્શાવવા માટે રચી શકાય છે ?

(8) 'વૈરાગ્ય' નો અર્થ જણાવો.

(9) વૈરાગ્યના વ્યાપક અર્થમાં કયા ગુણોનો સમાવેશ થાય છે ?

(10) ધાર્મિક વ્યક્તિના જીવનમાં કયા ચાર અંગો વિકસેલાં હોવા જોઈએ ?

* * * *

**ધાર્મિક જીવનનું મહત્ત્વ :**

ધર્મ એ જીવનના આચરણમાં આવતું સત્ય છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં - પછી એ ક્ષેત્ર વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય, વૈજ્ઞાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય હોય આ તમામ ક્ષેત્રમાં માનવીય સંબંધ સ્થાપવા માટે ધર્મનું વિશેષ મહત્ત્વ છે.

આપણે જાણીએ છીએ કે ધર્મને લીધે જ માનવી પશુથી જુદો તરી આવે છે, કારણ કે માનવ જાતિમાં પણ બીજા પ્રાણીઓમાં જોવા મળતી ભય અને આક્રમકતાની વૃત્તિઓ રહેલી છે. ખોરાક ઊંઘ વગેરેની જરૂરિયાત હોવી, ભય અને આક્રમકતાની વૃત્તિ સેવવી એ બાબતોમાં માણસ બીજા પ્રાણીઓ જેવો જ છે. માનવજાતિને પ્રાણીઓની બીજી જાતિઓથી જુદી પાડનારી કોઈ એક બાબત હોય તો તે ધર્મ છે. આથી જ એક સંસ્કૃત શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે ''આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર બાબતો પશુઓ અને માણસોમાં સમાન છે. ધર્મ જ માણસની વિશેષતા છે. ધર્મહીન માણસ તો પશુ જેવો જ છે.'' ધાર્મિક જીવન જીવવાનું બીજા પ્રાણીઓ માટે શક્ય નથી. માનવજાતિ માટે જ એ શક્ય બને છે કારણ કે માણસ સિવાય બીજા પ્રાણીઓ પાસે ભય અને આક્રમક્તામાંથી મુક્ત થવાની કોઈ શક્યતા નથી.

ધર્મ માણસને નિર્ભય બનાવે છે. જે નિર્ભય હોય તેને કોઈનો ભય હોતો નથી. ગાંધીજી કહે છે તેમ તે અહિંસક હોય છે. નિર્ભય માણસ ક્યારેય પણ કોઈના પર કોઈ પણ જાતનું આક્રમણ કરતો નથી. હિંસા અને આક્રમણનું મૂળ ભયમાં જ છે. ધાર્મિક જીવન વડે જો માણસ નિર્ભયતાને પામે તો તેના જીવનમાં અહિંસા, સત્ય, પ્રેમ, શાંતિ, કરુણા વગેરે ગુણો પણ પ્રગટ થાય છે અને માણસ સાચું અને સારું જીવન જીવી શકે છે. આને કારણે જ માનવ જીવનમાં ધર્મનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે.

માનવસંસ્કૃતિમાં પણ ધર્મનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે સમગ્ર માનવસંસ્કૃતિમાં આપણને ધર્મભાવનાની હાજરી વર્તાય છે. **ધર્મ માનવજાતનો સદાનો સાથી છે.** માનવીનો આધ્યાત્મિક વિકાસ જેટલો વધારે તેટલી તેની ધાર્મિકભાવના વધારે ઉદાત્ત હોય છે. કોઈપણ માણસ કે માનવ સમાજ સંપૂર્ણ ધર્મવિહોણો હોય એમ ક્યારેય બનતું નથી. તેનું કારણ એ છે કે માણસને માણસ બનાવનારું તત્ત્વ જ ધર્મ છે. માણસના માણસપણાનું રક્ષણ ધર્મને લીધે જ થતું હોવાથી **મનુસ્મૃતિ** કહે છે **''જે માણસ ધર્મનું રક્ષણ કરે છે તે માણસનું રક્ષણ ધર્મ કરે છે''**

ધર્મ માનવને નીતિનું આચરણ કરવા પ્રેરે છે અને તેના અનુસરણ માટેનું બળ પુરું પાડે છે. પ્રત્યેક ધર્મનો આગ્રહ છે કે પ્રત્યેક માણસ નીતિનું આચરણ કરે, નૈતિક આચરણથી જ સમાજ ટકી શકે છે. ધર્મના વ્યાપક અર્થમાં પણ આપણે જોયું કે ધર્મ સમાજને ધારણ કરનાર અને ટકાવી રાખનાર તત્ત્વ છે. આમ, માનવીના વ્યક્તિગત જીવનમાં ધર્મનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ સામાજિક જીવનમાં પણ છે. કારણ કે આપણા સામાજિક વ્યવહાર સાથે ધર્મ સંકળાયેલો છે. આ સંદર્ભમાં આચાર્ય આનંદશંકર ધ્રુવ લખે છે, ''વ્યવહારોનો આધ્યાત્મિક ભાષામાં જે અર્થ થાય છે તેનું ટૂંકું નામ ધર્મ છે, એટલે જ્યાં જ્યાં વ્યવહાર

ત્યાં ત્યાં ધર્મ એ નિયમ સ્વતઃ સિદ્ધ છે.'' ધર્મ આપણા સામાજિક વ્યવહારને ટકાવીને સમાજનો અભ્યુદય સાધવાનું ઉત્તમ કાર્ય કરે છે. **આથી, જ મહર્ષિ વેદ વ્યાસે ધર્મને પ્રજાજીવનનો આધારસ્તંભ ગણાવ્યો છે.**

આપણે જોયું કે સમાજની એકતા અને સ્થિરતા ટકાવી રાખવામાં ધર્મનો અમૂલ્ય ફાળો છે. રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને અસ્મિતાને ટકાવી રાખવામાં ધર્મનું મહત્ત્વનું યોગદાન છે. ધર્મ માનવીને સારો નાગરિક બનાવે છે. ધર્મના ઊંડા અભ્યાસ વડે માનવધર્મ '[illegible]' અને 'સર્વોદય' જેવા આદર્શોને મૂર્તિમંત કરવા પ્રયત્નશીલ બને છે. સર્વોદયના આદર્શને મૂર્તિમંત કરવાના સંદર્ભમાં આચાર્ય વિનોબા ભાવે જણાવે છે ''ધર્મ અને વિજ્ઞાનના સમન્વયમાંથી જ સર્વોદય સાધી શકાશે.'' એ માટે તેઓએ ગણિતની પરિભાષામાં નીચેનાં સમીકરણો આપેલાં છે :

**વિજ્ઞાન + ધર્મ = સર્વોદય**

**વિજ્ઞાન - ધર્મ = સર્વનાશ**

વિનોબાજીએ આપેલાં ઉપર્યુક્ત સમીકરણો દ્વારા સ્પષ્ટ થાય છે કે વિજ્ઞાન અને ધર્મના સમન્વયથી સર્વોદય એટલે કે સર્વનો ઉદય થાય છે અને જો વિજ્ઞાનમાંથી ધર્મની બાદબાકી કરવામાં આવે તો સર્વનાશ એટલે કે સર્વનો વિનાશ થાય છે. ધર્મ અને વિજ્ઞાન એ બંનેનું ધ્યેય સત્યની શોધ કરવાનું છે અને તેથી એ બંનેના સહયોગ દ્વારા જ માનવ ઉત્કર્ષ સાધી શકે છે.

ધર્મની સૌથી વિશેષ જરૂરીયાત આજના વિજ્ઞાનયુગમાં છે. વૈજ્ઞાનિક શોધખોળોને લીધે માણસ સગવડ અને સુવિધાઓ પામી શક્યો છે પણ અંદરની શાંતિ ગુમાવી બેઠો છે. આ આંતરિક શાંતિ ગુમાવી બેઠેલા માણસને ધર્મ સાંત્વના આપી શકે છે; ભૌતિક સાધનોની વિપુલતા વચ્ચે પણ માણસ ખાલીપો અનુભવી રહ્યો છે. આ ખાલીપાને ધર્મ દ્વારા પૂરી શકાય છે. ધર્મ વિજ્ઞાનને માનવતાના કાર્ય માટેની દોરવણી આપે છે. વિજ્ઞાનનો ઉપયોગ માનવજાતિના ઉત્કર્ષ માટે થાય તે માટેનાં ઉમદા પ્રયાસો થઈ રહ્યા છે. આમ, ધર્મ અને વિજ્ઞાનના સહયોગ દ્વારા માનવકલ્યાણ સાધી શકાય છે. આ દૃષ્ટિએ ધર્મનું મહત્ત્વ આંકીએ એટલું ઓછું છે.

જેમ શરીરમાં આત્માનું મહત્ત્વ છે. તેમ માનવ જીવનમાં ધર્મનું મહત્ત્વ છે. જેમ આત્મા એ શરીરથી ભિન્ન છે છતાં શરીરના અણુએ અણુમાં વ્યાપીને શરીરને ચૈતન્ય અર્પે છે, તેમ ધર્મ એ માનવીની સર્વ પ્રવૃત્તિઓથી **વિલક્ષણ** હોવાની સાથે સર્વના અંતરમાં પ્રવેશ કરીને ચૈતન્ય અર્પે છે. અર્થાત્ ધર્મ માનવીમાં જ્ઞાન, રસ, ધૈર્ય, બળ અને ગતિ પૂરીને જીવનની ધન્યતા અને કૃતાર્થતાની અનુભૂતિ કરાવે છે. આમ, **ધર્મ અને જીવન એક અને અભિન્ન છે.** ધર્મ જીવનની જોડે ઓતપ્રોત થઈ ગયેલું અવિભાજ્ય અંગ છે.

## મનોયત્ન 8.3

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) હિંસા અને આક્રમણનું મૂળ શું છે ?

(2) ગાંધીજીના મતે કેવા પ્રકારના માણસો અહિંસક હોય છે ?

(3) માનવ સંસ્કૃતિમાં શેની હાજરી વર્તાય છે ?

(4) આધ્યાત્મિક ભાષામાં વ્યવહારનો શું અર્થ થાય છે ?

(5) ધર્મને 'પ્રજાજીવનનો આધારસ્તંભ' કોણે ગણાવ્યો છે ?

(6) સમાજને ધારણ કરનાર અને ટકાવી રાખનાર તત્ત્વ કયું છે ?

(7) વિનોબાજીના મતે ધર્મ અને વિજ્ઞાનના સમન્વયથી શું સાધી શકાય છે ?

(8) ધર્મ વિજ્ઞાનને કેવા પ્રકારના કાર્યો માટેની દોરવણી આપે છે ?

(9) ધર્મ અને વિજ્ઞાન બંનેનું અંતિમ ધ્યેય શું છે ?

(10) ધર્મ માનવ જીવનને કેવા પ્રકારની અનુભૂતિ કરાવે છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો :**

(1) ધર્મ દ્વારા કયા ક્ષેત્રોમાં માનવીય સંબંધો સ્થાપી શકાય છે ?

(2) મનુષ્યો અને પ્રાણીઓમાં કઈ બાબતોમાં સામ્યતા જોવા મળે છે ?

(3) કેવા પ્રકારના ગુણો ધાર્મિક જીવન દ્વારા વિકાસ પામે છે ?

(4) મનુસ્મૃતિના મતે માણસના માણસપણાનું રક્ષણ કેવી રીતે થઈ શકે છે ?

(5) ધર્મનો વ્યાપક અર્થ જણાવો.

(6) આનંદશંકર ધ્રુવના મતે કયો નિયમ 'સ્વતઃસિદ્ધ' છે ?

(7) શા માટે વેદવ્યાસે 'ધર્મને પ્રજાજીવનનો આધાર સ્તંભ' ગણાવ્યો છે ?

(8) ધર્મના અભ્યાસ દ્વારા માનવી કયા આદર્શોને સિદ્ધ કરી શકે છે ?

(9) વિનોબાજીએ આપેલા ધર્મ અને વિજ્ઞાન અંગેના સમીકરણો લખો.

(10) માનવજીવનની ધન્યતા અને કૃતાર્થતાની અનુભૂતિ કઈ રીતે થાય છે ?

## સ્વાધ્યાય 8

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) 'રિલિજિયન' શબ્દનો અર્થ શું થાય છે ?

(અ) ધારણ કરવું (બ) ટકાવી રાખવું (ક) ફરી બાંધવું (ડ) અનુકૂળ થવું

(2) ''બીજા પાસે વર્તનની તમને અપેક્ષા છે તેવું વર્તન તમે બીજા સાથે રાખો'' આ ઉપદેશને કયા નિયમ તરીકે ઓળખાય છે ?

(અ) સ્વતઃ સિદ્ધ નિયમ (બ) સુવર્ણ નિયમ (ક) સહવર્તનનો નિયમ (ડ) કર્મનો નિયમ

(3) ધાર્મિક જીવનનું જ્ઞાનાત્મક પાસું શેની સાથે સંકળાયેલું છે ?

(અ) વિચારો કે બુદ્ધિ (બ) લાગણીઓ (ક) કર્મ કે વર્તણૂંક(ડ) ભાવનાઓ

(4) ધાર્મિક જીવનમાં લાગણીઓ કે ભાવનાઓ સાથે કયું પાસું સંકળાયેલું છે ?

(અ) તાર્કિક (બ) જ્ઞાનાત્મક (ક) નૈતિક (ડ) સંવેદનાત્મક

(5) કોના મતે ''જે ધર્મને તર્ક વડે સમજણમાં ગોઠવે તે જ એને સમજે છે બીજો નહિ'' ?

(અ) મનુસ્મૃતિ(બ) ગાંધીજી (ક) મહર્ષિ વેદવ્યાસ (ડ) વિનોબાજી

(6) ધર્મની આગવી વિશેષતા કઈ છે ?

(અ) જ્ઞાન (બ) ભક્તિ(ક) નીતિ (ડ) વૈરાગ્ય

(7) ''નિરંતર પ્રાર્થના કરતા રહો'' આ આજ્ઞા કયા ધર્મગ્રંથમાં છે ?

(અ) બાઈબલ (બ) માનવધર્મ (ક) કુરાન (ડ) આપણો ધર્મ

(8) ઈન્દ્રિયોના વિષયરૂપ વસ્તુઓમાં આસક્તિનો અભાવ એટલે શું ?

(અ) જ્ઞાન (બ) નીતિ (ક) વૈરાગ્ય (ડ) ભક્તિ

(9) વ્યક્તિના ધાર્મિક જીવનમાં કેટલા અંગો પૂર્ણ રીતે વિકસેલાં હોવાં જોઈએ ?

(અ) ત્રણ (બ) બે (ક) એક (ડ) ચાર

(10) ધર્મ અને વિજ્ઞાનના સમન્વય દ્વારા સર્વોદયની પ્રાપ્તિના વિચારો કોણે આપેલા છે ?

(અ) ગાંધીજી (બ) કવિવર ટાગોર (ક) વિનોબાજી (ડ) ડૉ. રાધાકૃષ્ણન

**2. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તર લખો.**

(1) 'ધર્મ' ના અર્થની સમજૂતી આપો.

(2) જુદા જુદા ચિંતકોએ આપેલી ધર્મની વ્યાખ્યાઓ સમજાવો.

(3) ધાર્મિક જીવનનું વિશ્લેષણ કરો.

(4) ધાર્મિક જીવનમાં જ્ઞાનનું મહત્ત્વ સમજાવો.

(5) ધાર્મિક જીવનમાં ભક્તિનું મહત્ત્વ સમજાવો.

(6) ધાર્મિક જીવનમાં નીતિનું મહત્ત્વ સમજાવો.

(7) ''વૈરાગ્ય ધાર્મિક જીવનની અનિવાર્યતા છે'' સમજાવો.

(8) સામાજિક જીવનમાં ધર્મનું મહત્ત્વ સમજાવો.

(9) ''ધર્મહીન માણસો પશુઓ જેવા જ છે ?'' તમારા મંતવ્ય જણાવો.

(10) ટૂંકનોંધ લખો :

(i) પ્રાર્થનાનું મહત્ત્વ

(ii) વિજ્ઞાનયુગમાં ધર્મનું મહત્ત્વ

•

# 9 જગતના વિદ્યમાન ધર્મો

**પ્રસ્તાવના :**

અગાઉના પ્રકરણમાં આપણે જોયું કે ધર્મ માનવજીવન સાથે સંકળાયેલો છે. માનવસંસ્કૃતિના ઈતિહાસ પર નજર નાખતાં એ સ્પષ્ટ થાય છે કે, આજ સુધી જગતમાં અનેક ધર્મો અસ્તિત્ત્વમાં આવ્યા છે, જેમાંના અગિયાર ધર્મો મુખ્ય છે. આ અગિયાર ધર્મો આ પ્રમાણે છે. (1) હિન્દુધર્મ (2) બૌદ્ધધર્મ (3) જૈનધર્મ (4) શીખધર્મ (5) ઈસ્લામધર્મ (6) ખ્રિસ્તીધર્મ (7) યહૂદીધમ (8) જરથોસ્તીધર્મ (9) તાઓધર્મ (10) કોન્ફ્યુશિયસધર્મ (11) શિન્તોધર્મ

જગતના આ મુખ્ય અગિયાર ધર્મોનો અભ્યાસ કરવા માટે તેના કેટલાક અગત્યનાં પાસાંઓ સમજવાં આવશ્યક છે. તે અનુસાર આ પ્રકરણમાં આપણે નીચેના ક્રમે જગતના મુખ્ય અગિયાર ધર્મોનું અધ્યયન કરીશું :

- જગતના વિદ્યમાન ધર્મોનો સંક્ષિપ્ત પરિચય
- ધર્મગ્રંથો અને તેના અભ્યાસનું મહત્ત્વ
- સર્વ ધર્મોના નૈતિક સિધ્ધાંતો
- સર્વ ધર્મોની તાત્વિક એકતા
- સર્વધર્મ સમભાવ

### 1. જગતના વિદ્યમાન ધર્મોનો સંક્ષિપ્ત પરિચય

કોઈપણ ધર્મોનો વિસ્તૃત રીતે પરિચય મેળવવા માટે પ્રથમ તે ધર્મનો કાળક્રમની તથા ભૌગોલિક દૃષ્ટિએ પરિચય મેળવવો આવશ્યક છે. જગતના મુખ્ય અગિયાર ધર્મોના પ્રાથમિક પરિચય રૂપે દરેક ધર્મના નામ, સ્થાપક, ઉદ્‌ભવકાળ તથા ઉદ્‌ભવસ્થાન અંગેની માહિતી નીચેના કોષ્ટક દ્વારા મેળવીએ :

| ઉદ્‌ભવકાળને અનુલક્ષીને નક્કી થતો ક્રમ | નામ | સ્થાપક | ઉદ્‌ભાવકાળ (સ્થાપક હોય ત્યાં સ્થાપકનો જન્મકાળ) | ઉદ્‌ભવસ્થાન |
|---|---|---|---|---|
| 1 | હિન્દુ ધર્મ | કોઈ મનુષ્ય નહિ (અપૌરુષેય) | ઈ.સ. પૂર્વે ૩૦૦૦થી પણ પ્રાચીન | ભારત |
| 2 | યહૂદી ધર્મ | પયગમ્બર મોઝીઝ | ઈ.સ પૂર્વે ૧૨૦૦ | પશ્ચિમ એશિયા |
| 3 | શિન્તો ધર્મ | કોઈ નહિ | ઈ.સ. પૂર્વે ૬૬૦ | ચીન, જાપાન |
| 4 | જરથોસ્તી ધર્મ | અષો-જરથુસ્ત | ઈ.સ. પૂર્વે ૬૬૦ | ઈરાન |
| 5 | તાઓ ધર્મ | લાઓત્ઝુ | ઈ.સ. પૂર્વે ૬૦૪ | ચીન |
| 6 | જૈન ધર્મ | ૨૪ તીર્થંકરો (પ્રથમ ઋષભ દેવ, ચોવીસમા મહાવીર સ્વામી) | ઈ.સ. પૂર્વે ૫૯૯ | ભારત |
| 7 | બૌદ્ધ ધર્મ | ગૌતમ બુદ્ધ | ઈ.સ. પૂર્વે ૫૬૩ | ભારત |
| 8 | કોન્ફ્યુશિયસ ધર્મ | કોન્ફ્યુશિયસ | ઈ.સ. પૂર્વે ૫૫૧ | ચીન, જાપાન |
| 9 | ખ્રિસ્તી ધર્મ | ઈસુ ખ્રિસ્ત | ઈ.સ. નો પ્રારંભ કાળ | પશ્ચિમ એશિયા |
| 10 | ઈસ્લામ ધર્મ | મહમ્મદ પયગમ્બર | ઈ.સ. ૫૭૧ | અરબસ્તાન |
| 11 | શીખ ધર્મ | ગુરુ નાનક | ઈ.સ. ૧૪૬૯ | ભારત |

ઉપર્યુક્ત કોષ્ટક જોતાં સ્પષ્ટ થાય છે કે, જગતના તમામ વિદ્યમાન, ધર્મોમાં સૌથી પ્રાચીન ધર્મ હિન્દુ ધર્મ છે અને સૌથી અર્વાચીન ધર્મ શીખ ધર્મ છે. હિન્દુ ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મનું ઉદ્‌ભવ સ્થાન ભારત છે. ભારત સિવાયનો કોઈ પણ દેશ આટલી સંખ્યાના વિદ્યમાન ધર્મોનું ઉદ્‌ભવસ્થાન નથી. તાઓ ધર્મ, કોન્ફ્યુશિયસ ધર્મ અને શિન્તો ધર્મ એ ત્રણ ધર્મો

ચીન અને જાપાનમાં ઉદ્ભવેલા છે. જ્યારે બાકીના ધર્મોનો ઉદ્ભવ એશિયા ખંડમાં થયેલો છે. ને પછી જગતના અન્ય દેશોમાં તેમનો ફેલાવો થયો છે.

## મનોયત્ન 9.1

**1. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ આપો.**

(1) હિન્દુધર્મનો ઉદ્ભવકાળ કયો છે ?

(2) યહૂદી ધર્મના સ્થાપક કોણ છે ?

(3) શિન્તો ધર્મનું ઉદ્ભવ સ્થાન કયું છે ?

(4) જરથોસ્તી ધર્મના સ્થાપક કોણ છે ?

(5) ખ્રિસ્તીધર્મ ઉદ્ભવકાળ કયો છે ?

(6) જૈન ધર્મનું ઉદ્ભવ સ્થાન કયું છે ?

(7) બૌદ્ધ ધર્મના સ્થાપકનું નામ શું છે ?

(8) ઈરાનમાં કયા ધર્મનો ઉદ્ભવ થયો છે ?

(9) ઈસ્લામ ધર્મના સ્થાપકનું નામ શું છે ?

(10) ગુરૂ નાનકે કયા ધર્મની સ્થાપના કરી છે ?

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

(1) જગતના વિદ્યમાન ધર્મોમાં સૌથી પ્રાચીન અને અર્વાચીન ધર્મ કયા છે જણાવો.

(2) ભારતમાં ઉદ્ભવ પામેલા ધર્મો કેટલા છે ? કયા કયા ?

(3) પશ્ચિમ એશિયામાં કયા ધર્મોનો ઉદ્ભવ થયો છે ?

(4) ઈસ્લામ ધર્મના સ્થાપક જણાવી તેનું ઉદ્ભવ સ્થાન જણાવો.

(5) જાપાન દેશમાં ઉદ્ભવ પામેલા ધર્મ કેટલા છે ? કયા કયા ?

* * * *

### 2. ધર્મગ્રંથો (શાસ્ત્રો) અને તેના અભ્યાસનું મહત્વ

જગતના પ્રત્યેક ધર્મમાં અમુક ગ્રંથ કે ગ્રંથોને પવિત્ર અને પ્રમાણભૂત માનવામાં આવે છે. જગતના વિદ્યમાન અગિયાર ધર્મોમાંના પ્રત્યેકના પવિત્ર ધર્મગ્રંથ કે શાસ્ત્ર અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં આપેલી છે :

| ક્રમ | ધર્મ | શાસ્ત્ર |
|---|---|---|
| ૧ | હિન્દુ ધર્મ | શ્રુતિ અને સ્મૃતિ |
| ૨ | જૈન ધર્મ | ગણિપિટક |
| ૩ | બૌદ્ધ ધર્મ | ત્રિપિટક |
| ૪ | શીખ ધર્મ | ગુરુ ગ્રંથસાહેબ અને દશમગ્રંથ |
| ૫ | જરથોસ્તી ધર્મ | ઝંદ અવસ્તા |
| ૬ | યહૂદી ધર્મ | જૂનો કરાર |
| ૭ | ખ્રિસ્તી ધર્મ | બાઈબલ |
| ૮ | ઈસ્લામ ધર્મ | કુરાન |
| ૯ | તાઓ ધર્મ | તાઓ-તે-ચિંગ |
| ૧૦ | કોન્ફ્યુશિયસ ધર્મ | ક્લાસિક્સ અને બુક્સ |
| ૧૧ | શિન્તો ધર્મ | કો-જી-કી અને નિહોન - ગી |

દરેક ધર્મના શાસ્ત્રમાં તે ધર્મના તાત્ત્વિક અને નૈતિક સિદ્ધાંતોનું વર્ણન કરેલું હોય છે અને તેથી ધર્મના અભ્યાસ માટે શાસ્ત્રાધ્યયન એ ઘણું ઉપયોગી સાધન બની રહે છે. શાસ્ત્રનું અધ્યયન ઉપયોગી હોવા ઉપરાંત અનિવાર્ય પણ છે. અમુક ધર્મમાં

અમુક માન્યતાનો સ્વીકાર થયો છે કે નહિ એ બાબતનો આખરી અને સર્વમાન્ય નિર્ણય તે ધર્મના શાસ્ત્રને આધારે જ થઈ શકે. શાસ્ત્ર સિવાયના આધારે આવો નિર્ણય લેવામાં આવ્યો હોય તો તેમાં મતભેદ થઈ શકે છે પણ શાસ્ત્રને આધારે કરેલો નિર્ણય વિવાદનો વિષય રહેતો નથી, કારણ કે પ્રત્યેક ધર્મનો અનુયાયી પોતાના ધર્મશાસ્ત્રને પવિત્ર અને પ્રમાણભૂત ગણે છે. આમ, કોઈ પણ ધર્મના સિદ્ધાંતો વિશે સાચી અને સર્વમાન્ય માહિતી મેળવવી હોય તો તે ધર્મના શાસ્ત્રનું અધ્યયન અનિવાર્ય છે.

કોઈ પણ માણસ અન્ય ધર્મના શાસ્ત્રનો અભ્યાસ કરે તો તેને તે ધર્મનું જ્ઞાન તો મળે જ છે પણ તે ઉપરાંત આવા અભ્યાસને લીધે માણસ પોતાના ધર્મને પણ વધુ સારી રીતે સમજતો થાય છે, અને તેનામાં સર્વધર્મ સમભાવને માટે જરૂરી એવી ધાર્મિક ઉદારતાનો ઉદય થાય છે. મહાત્મા ગાંધીજીના શબ્દોમાં આ મુદ્દાની સ્પષ્ટતા કરીએ.

''મારું માનવું છે કે દરેક સંસ્કારી સ્ત્રીપુરુષનો જગતનાં ધર્મશાસ્ત્રો સમભાવથી વાંચવાનો ધર્મ છે. જો બીજા આપણા ધર્મનો આદર કરે એમ ઈચ્છીએ તો આપણે તેમના ધર્મનો પણ તેવો જ આદર કરવો રહ્યો, અને આદર કરવા માટે જગતનાં ધર્મશાસ્ત્રોનો સમભાવભર્યો અભ્યાસ કરવો એ પવિત્ર કર્તવ્ય થઈ પડે છે.... બીજા ધર્મોના આદરયુક્ત અભ્યાસથી હિન્દુધર્મશાસ્ત્ર માટેની મારી ભક્તિ અને શ્રદ્ધા ઓછી નથી થઈ. હા, તે ધર્મપુસ્તકોના વાચનથી હિંદુધર્મશાસ્ત્રની મારી સમજ ઉપર ચિરસ્થાયી અસર થઈ છે ખરી. જીવન પ્રતિ મારી દૃષ્ટિ તે વાંચનને લીધે વિશાળ થઈ છે. એ વાંચનથી હિંદુધર્મશાસ્ત્રોમાંના ઘણા અગમ્ય ભાગો વધારે સ્પષ્ટ રીતે હું સમજી શક્યો છું.''

## મનોયત્ન 9.2

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દમાં આપો.**

(1) હિન્દુ ધર્મના ધર્મગ્રંથને કયા નામે ઓળખવામાં આવે છે ?

(2) ઝંદ અવસ્તા કયા ધર્મનો ધર્મગ્રંથ છે ?

(3) ઈસ્લામ ધર્મનો ધર્મગ્રંથ કયા નામે પ્રચલિત છે ?

(4) જૂનોકરાર કયા ધર્મનો ધર્મગ્રંથ છે ?

(5) તાઓ ધર્મનો ધર્મગ્રંથ કયા નામે ઓળખાય છે ?

(6) કૉન્ફ્યુશિયસ ધર્મનો ધર્મગ્રંથ કયો છે ?

(7) ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથનું નામ જણાવો.

(8) જૈન ધર્મના ધર્મગ્રંથનું નામ લખો.

(9) ત્રિપિટક કયા ધર્મનો ધર્મગ્રંથ છે ?

(10) સર્વધર્મ સમભાવ માટે શું આવશ્યક છે ?

* * * *

### 3. સર્વધર્મના નૈતિક સિધ્ધાંતો :

આપણે જાણીએ છીએ કે નીતિ એ સમાજજીવનનો પાયો છે અને ધર્મ નીતિ માટેનો પ્રબળ આગ્રહ રાખે છે. સમાજને તંદુરસ્ત અને પ્રગતિશીલ રાખવા માટે ધર્મનું ઘણું મહત્ત્વ છે. જગતના બધા જ ધર્મોમાં સદાચરણને અનુસરવાનો અને દુરાચરણથી દૂર રહેવાનો ઉપદેશ લગભગ એકસરખી રીતે કરવામાં આવ્યો છે. આથી જગતના તમામ ધર્મોમાં ''બીજા લોકો પાસેથી જેવા વર્તનની તમે અપેક્ષા રાખો છો, તેવું વર્તન તમે બીજા લોકો સાથે રાખો.'' એ નિયમને સુવર્ણ નિયમ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આ બાબતના સમર્થનમાં એસ.જી.ચેમ્પિયને આપેલાં જુદા જુદા નવ ધર્મોનાં મૂળ વાક્યો નીચે પ્રમાણે છે.:

૧. ''કર્તવ્યનો સાર આ છે : જેનાથી તને દુઃખ થાય છે તે બીજા પ્રત્યે કરીશ નહિ.''

- હિન્દુધર્મ

૨. ''સુખમાં અને દુઃખમાં, આનંદમાં અને વ્યથામાં આપણે જેવી સંભાળ આપણી જાતની લઈએ છીએ તેવી સર્વ જીવોની સંભાળ લેવી જોઈએ અને તેથી આપણને અણગમતી ઈજા આપણે કોઈ જીવને પહોંચાડવી જોઈએ નહિ.''

- જૈનધર્મ

૩. ''જેનાથી તમને દુઃખ થાય છે તેના વડે બીજાને આઘાત પહોંચાડો નહિ.''

- બોદ્ધધર્મ

૪. ''તારી જાતનો તને જેટલો મહિમા છે તેટલો જ બીજાનો મહિમા સમજ. આથી તું સ્વર્ગનો અધિકારી બનીશ.''

- શીખધર્મ

૫. ''આપણી જાત માટે જે સારું નથી તે બીજા પ્રત્યે ન કરવાનો સ્વભાવ એ જ સારો સ્વભાવ છે.''

- જરથોસ્તીધર્મ

૬. ''જે વર્તણૂક તમને આઘાતજનક લાગે છે તે વર્તણૂક તમારા માનવબંધુઓ પ્રત્યે કરો નહિ. આમાં આખા 'તોરાહ'નો સાર છે. બાકી બધું તો માત્ર તેનું વિવરણ છે. જા અને આ સૂત્રનો સ્વાધ્યાય કર.''

- યહૂદીધર્મ

૭. ''તમારી દૃષ્ટિથી બીજા માણસોએ તમારે માટે જે વસ્તુઓ કરવી જોઈએ તે બધી જ વસ્તુઓ તમારે બીજા માણસો માટે કરવી, કારણ કે આ જ પયગમ્બરી નિયમ છે.''

- ખ્રિસ્તીધર્મ

૮. ''માણસ જે વસ્તુઓ પોતાને માટે ચાહે છે તે વસ્તુઓ પોતાના ભાઈઓને માટે પણ જ્યાં સુધી ચાહતો નથી ત્યાં સુધી તે ખરો મુસલમાન નથી.''

- ઈસ્લામધર્મ

૯. ''તારા પડોશીને લાભ થાય તેને તારો લાભ ગણ, પડોશીને નુકસાન થાય તેને તારું નુકસાન ગણ.''

- તાઓધર્મ

એસ.જી. ચેમ્પિયને દર્શાવેલા વ્યાપક વિચારો અનુસાર ઉપર જણાવેલ ધર્મમાત્રનું ગૌરવ વધે. તે અનુસાર ઉપર જણાવેલા 'સંપૂર્ણ નિયમ'ને અનુસરીને બીજા માણસો સાથે વ્યવહાર કરતી વખતે માણસે જે સદ્‌ગુણોનું આચરણ કરવાનું હોય છે અને જે દુર્ગુણોથી દૂર રહેવાનું હોય છે તેમાંના મુખ્ય સદ્‌ગુણો અને દુર્ગુણો નીચે પ્રમાણે છે :

**આચરવા યોગ્ય સદ્‌ગુણો :**

1. અહિંસા 2. સત્ય 3. અસ્તેય 4. ઈન્દ્રિયનિગ્રહ (અવ્યભિચાર, મિતાહાર, મિતભાષણ, માદક પદાર્થોનો ત્યાગ વગેરે) 5. પવિત્રતા 6. વિનય-વિવેક 7. દાન 8. દયા 9. ક્ષમા અને 10. પ્રેમ

**ટાળવા યોગ્ય દુર્ગુણો :**

1. કામ (ધર્મ કે નીતિ વિરોધી વાસનાઓ) 2. ક્રોધ 3. લોભ 4. મોહ 5. ઈર્ષા 6. અભિમાન 7. આળસ 8. વિશ્વાસઘાત 9. અપ્રમાણિકતા અને 10. કૃતઘ્નતા

દરેક માણસે સદ્‌ગુણોનું આચરણ કરવું જોઈએ અને દુર્ગુણોથી દૂર રહેવું જોઈએ, એવો ધર્મમાત્રનો ઉપદેશ છે. ઉચ્ચ નૈતિક જીવન માટેના આ સર્વસામાન્ય આગ્રહ ઉપરાંત જુદા જુદા ધર્મોએ કેટલાક વિશિષ્ટ નૈતિક સિદ્ધાંત પર સવિશેષ ભાર મૂકેલો છે અને એ રીતે સમગ્ર માનવજાતની નૈતિક ચેતનાના વિકાસમાં પોતાનું આગવું પ્રદાન કરેલું છે. જગતના વિવિધ ધર્મોએ ઉપદેશેલા વિશિષ્ટ નૈતિક સિદ્ધાંતો સંક્ષેપમાં નીચે પ્રમાણે છે :

**1. હિંદુ ધર્મ :** સાધારણ ધર્મો ઉપરાંત પોતપોતાના વર્ણ અને આશ્રમના વિશેષ ધર્મો (સ્વધર્મ) ના પાલનનો આગ્રહ અને ધાર્મિક સાધનાને લગતું સંપૂર્ણ સ્વાતંત્ર્ય

**2. જૈન ધર્મ :** અહિંસા અને જીવદયા

**3. બૌદ્ધ ધર્મ :** અહિંસામાંથી ફલિત થતી મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - એ ચાર ભાવના

**4. શીખ ધર્મ :** નિર્ભય-નિર્વૈરપણે અન્યાય અને દુષ્ટતાનો સામનો કરી ધર્મસંસ્થાપન માટેનો આગ્રહ

**5. જરથોસ્તી ધર્મ :** પવિત્રતા અને ન્યાયભાવના

**6. યહૂદી ધર્મ :** ન્યાયભાવના

**7. ખ્રિસ્તી ધર્મ :** માનવસેવા અને પ્રેમભાવના

**8. ઈસ્લામ ધર્મ :** ભ્રાતૃભાવના અને જકાત

**9. કૉન્ફ્યુશિયસ ધર્મ :** 1. રાજા-પ્રજા 2. પિતા-પુત્ર 3. પતિ-પત્ની 4. મોટા ભાઈ-નાના ભાઈ 5. મિત્ર-મિત્ર એ પાંચ સામાજિક બંધનોને લગતાં કર્તવ્યોનો આગ્રહ

**10. તાઓ ધર્મ :** નિરાભિમાનમાંથી નિષ્પન્ન થતી નિવૃત્તિપરાયણતા

**11. શિન્તો ધર્મ :** વફાદારી અને રાષ્ટ્રભક્તિ

એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે જો બધા જ ધર્મના અનુયાયીઓ પોતપોતાના ધર્મના નૈતિક સિદ્ધાંતોને અનુસરવા ઉપરાંત વિવિધ ધર્મોના વિશિષ્ટ નૈતિક સિદ્ધાંતોને પણ પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે તો સમગ્ર માનવજાતનું નૈતિક સ્તર ઊંચું આવે છે અને ધર્મમાત્રનું ગૌરવ વધે છે.

## મનોયત્ન 9.3

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દમાં આપો.**

(1) 'સુવર્ણ નિયમ' કોણે આપેલા છે ?

(2) જૈન ધર્મનો નૈતિક સિધ્ધાંત જણાવો.

(3) જરથોસ્તી ધર્મનો નૈતિક સિધ્ધાંત જણાવો.

(4) કૉન્ફ્યુશિયસ ધર્મમાં કેટલા સામાજિક બંધનો સ્વીકારાયા છે ?

(5) ખ્રિસ્તી ધર્મના નૈતિક સિધ્ધાંતો કયા છે ?

(6) આચરવા યોગ્ય સદ્ગુણો કુલ કેટલા છે ?

(7) 'ન્યાય ભાવના' એ કયા ધર્મનો નૈતિક સિધ્ધાંત છે ?

(8) ટાળવા યોગ્ય દુર્ગુણો કુલ કેટલા છે ?

(9) 'ભાતૃ ભાવના અને જકાત' કયા ધર્મના નૈતિક સિધ્ધાંતો છે ?

(10) શિન્તો ધર્મના નૈતિક સિધ્ધાંતો કયા છે ?

**2. નીચેના પ્રશ્નોના એક-બે વિધાનોમાં જવાબ આપો.**

(1) હિન્દુ ધર્મનો નૈતિક સિધ્ધાંત જણાવો.

(2) યહુદીધર્મમાં 'તોરાહનો' સાર શું છે ?

(3) હિન્દુ ધર્મના કર્તવ્યનો સાર શું છે ?

(4) આચરવા યોગ્ય સદ્ગુણોના નામ જણાવો.

(5) ટાળવા યોગ્ય દુર્ગુણો જણાવો.

(6) બૌદ્ધધર્મનો નૈતિક સિધ્ધાંત જણાવો.

(7) કૉન્ફુશિયસધર્મમાં ધર્મમાં કયા પાંચ બંધનોનો આગ્રહ છે ?

(8) તાઓ ધર્મનો નૈતિક સિધ્ધાંત લખો.

(9) જગતના તમામ ધર્મોમાં કયા નિયમને 'સુવર્ણનિયમ' તરીકે ઓળખવામાં આવે છે ?

(10) નૈતિક સિધ્ધાંતોના આચરણથી માનવ જીવનમાં કેવા ફેરફાર આવે છે ?

* * * *

### 4. સર્વ ધર્મોની તાત્ત્વિક એકતા :

ધાર્મિક જીવન એ અમૂર્ત વિચારો, તહેવારોની ઉજવણીનો ઊભરો નથી. ધાર્મિક જીવનનો અર્થ શ્રદ્ધાનો એકરાર તેમજ સામાજિક આદર્શોની ઘેલછા પણ નથી. ધાર્મિક જીવન એ એવું આધ્યાત્મિક જીવન છે જે માનવને કટોકટીમાં ટકી રહેવાનું બળ અને શાતા આપે છે. ધાર્મિક જીવન માનવને એ વાતની દૃઢ પ્રતીતિ કરાવે છે કે સમગ્ર વિશ્વના પાયામાં પ્રેમ અને ન્યાય રહેલાં છે. આ જગત એ આત્માના વિકાસની જીવંત પ્રયોગશાળા છે. ધાર્મિક જીવન માટેની આ પ્રયોગશાળામાં પરમતત્ત્વ કે ઈશ્વરનો ઉચ્ચ પ્રેમ માનવને સહારો આપે છે. તેના જીવનને તમામ વિપરીત પરિસ્થિતિમાં ટકાવી રાખે છે. બધા જ ધર્મો માનવજીવનને ઊંડી આધ્યાત્મિક દૃષ્ટિ બક્ષે છે. આ સંદર્ભમાં એમ કહી શકાય કે બધા ધર્મો તાત્ત્વિક રીતે એક સરખો મત ધરાવે છે. બધા જ ધર્મોમાં ધાર્મિક જીવનનાં ચાર અંગો જ્ઞાન, ભક્તિ, નીતિ અને વૈરાગ્યનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. આથી ધર્મો અનેક હોવા છતાં હાર્દરૂપે કે તત્ત્વરૂપે ધર્મો એ એક જ છે, અર્થાત્ સર્વધર્મોનું શુદ્ધ અને સાચું સ્વરૂપ એક છે, સર્વ ધર્મોની તાત્ત્વિક એકતાનો

નિર્ણય કરતી વખતે નીચેના મુદ્દાઓનો વિચાર કરીશું.

(1) શાસ્ત્રગ્રંથોની પવિત્રતા, પ્રમાણભૂતતા અને દિવ્યતા અંગે ધર્મોની માન્યતા

(2) ઈશ્વરવાદ અંગેની માન્યતા

(3) દૈવી અવતરણ અંગેની માન્યતા

(4) કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંત અંગેની માન્યતા

(5) માણસના મરણોત્તર અસ્તિત્વ અંગેની માન્યતા

**(1) શાસ્ત્રગ્રંથોની પવિત્રતા, પ્રમાણભૂતતા અને દિવ્યતા અંગે ધર્મોની માન્યતા :**

જગતના વિદ્યમાન ધર્મો અમુક ધર્મગ્રંથ કે ધર્મગ્રંથોને પવિત્ર માને છે એટલું જ નહીં, તેને પ્રમાણભૂત પણ માને છે. દરેક ધર્મ પોતપોતાના ધર્મગ્રંથોને અલૌકિક કે દિવ્ય માને છે. કોઈપણ ધર્મ પોતાના શાસ્ત્રને ઈશ્વરપ્રેરિત માને તે કારણે જ વ્યક્તિની ધાર્મિક શ્રદ્ધા બળવત્તર બને છે અને આધ્યાત્મિક વિકાસમાં શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ ઉપકારક છે. આ સંદર્ભમાં ગાંધીજી તેમના પુસ્તક 'વ્યાપક ધર્મભાવના'માં જણાવે છે, ''બધા ધર્મોના નિર્મળ શાસ્ત્રગ્રંથોને ઈશ્વરપ્રેરિત માનીને તેમાંથી પોતાના આધ્યાત્મિક વિકાસ માટે પ્રેરણા મેળવવી એ દરેક ધર્મપ્રેમી માનવનું કર્તવ્ય બની રહે છે.'' સર્વ ધર્મોના ધર્મગ્રંથોનો અભ્યાસ માનવની આધ્યાત્મિક સમજને વિકસાવે છે, કારણ કે દરેક ધર્મગ્રંથનો હેતુ માનવનો આત્મિક વિકાસ છે. એટલે બધા જ ધર્મો માનવના આધ્યાત્મિક વિકાસનાં કેન્દ્રો છે.

**(2) ઈશ્વરવાદ અંગેની માન્યતા :**

જગતના મોટા ભાગના ધર્મો ઈશ્વરવાદી છે, તેઓ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. અગિયાર ધર્મોમાં માત્ર જૈનધર્મ અને બૌદ્ધધર્મ આ બે ધર્મોમાં જ ઈશ્વરના અસ્તિત્વને સૈદ્ધાંતિક રીતે સ્વીકારાયું નથી અલબત્ત આ બન્ને ધર્મોમાં તેમના સ્થાપકોની ઈશ્વરરૂપે જ પૂજા કે આરાધના કરવામાં આવે છે, આમ સર્વ ધર્મો તાત્ત્વિક રીતે એક યા બીજા સ્વરૂપે ઈશ્વર સ્વરૂપની આરાધના કરે છે.

ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરનાર ધર્મો અંગે ઈશ્વર એક છે કે અનેક એ પ્રશ્ન રજૂ થાય છે. એ પ્રશ્નનો તાત્ત્વિક ઉત્તર એ છે કે વિકસિત ધાર્મિક ચેતના એક અદ્વિતીય એવા ઈશ્વરને સ્વીકારે છે, ઈશ્વર એક છે એમ સ્વીકારનારા ધર્મોમાં ઈસ્લામધર્મ, યહૂદીધર્મ અને શીખધર્મ પણ સ્પષ્ટપણે એકેશ્વરવાદી છે.

હિન્દુધર્મ, જરથોસ્તીધર્મ, તાઓધર્મ અને શિન્તોધર્મને ઉપલક દૃષ્ટિએ જોતાં અનેકદેવવાદી છે પરંતુ મૂળગામી તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં આ ધર્મો પણ એકેશ્વરવાદી છે. ઈશ્વરવાદ અને એકેશ્વરવાદ એ સર્વ ધર્મોએ તાત્ત્વિક રીતે સ્વીકારેલ છે. આ સંદર્ભમાં તાત્ત્વિક એકતાને તેઓ પુરસ્કારે છે.

**(3) દૈવી અવતરણ અંગેની માન્યતા :**

ઈશ્વરવાદી ધર્મો ઈશ્વર આ જગતનો સર્જક છે અને જગતના મનુષ્યો સાથે તેને ઘનિષ્ઠ સંબંધ છે, આવો મત સ્વીકારે છે. જગત સાથેના આ સંબંધને કારણે જ ઈશ્વર અવતાર પણ ધારણ કરે છે અથવા કોઈ પયંગબરને પૃથ્વી પર મોકલે છે. આવી માન્યતા હિન્દુધર્મ, જરથોસ્તીધર્મ, યહૂદીધર્મ, ખ્રિસ્તીધર્મ અને ઈસ્લામધર્મમાં સ્વીકારેલ છે. હિન્દુધર્મ અનુસાર જગતમાં ધર્મસંસ્થાપનાની જરૂર પડે ત્યારે ઈશ્વર અવતાર ધારણ કરે છે. જરથોસ્તીધર્મ, યહૂદીધર્મ, ખ્રિસ્તીધર્મ અને ઈસ્લામધર્મમાં ઈશ્વર પોતે અવતાર ધારણ કરતો નથી પરંતુ કોઈ દૈવી ઉદ્ધારકને પૃથ્વી પર મોકલે છે એવો ખ્યાલ પ્રગટ થયેલ છે. જરથોસ્તીઓ જરથુષ્ટ્રને અહુરમઝદના પયગંબર માને છે. ખ્રિસ્તીધર્મમાં ઈસુને ઈશ્વરના પુત્ર તરીકે માનવામાં આવે છે. ઈસ્લામધર્મમાં મહંમદને અલ્લાહના પયગંબર તરીકે માનવામાં આવે છે.

જે ધર્મોમાં અવતારની માન્યતા નથી તે ધર્મો પોતાના ધર્મસ્થાપકોને દૈવીપુરુષ માને છે. જૈનધર્મમાં મહાવીર સ્વામીને, બૌદ્ધધર્મમાં ગૌતમ બુદ્ધને, શીખધર્મમાં નાનકદેવ અને અન્ય ગુરુઓને, કૉન્ફ્યુશિયસધર્મમાં મહાત્મા કૉન્ફ્યુશિયસને અને તાઓધર્મમાં મહાત્મા લાઓત્ઝેને દૈવી ધર્મ સ્થાપકો તરીકે સ્વીકારવામાં આવે છે. આમ જગતના સર્વ ધર્મોમાં મહદ્અંશે દૈવી તત્ત્વના અવતરણનો સિદ્ધાંત સ્વીકારાયેલો છે.

**(4) કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંત અંગેની માન્યતા :**

માણસ જેવું કર્મ કરે તેવું ફળ તેને આ જન્મે કે આવતા જન્મે મળે છે. આ માન્યતા એ કર્મના નિયમ અને પુનર્જન્મની માન્યતા છે. હિન્દુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મ કર્મ અને પુનર્જન્મને સ્વીકારે છે. જરથોસ્તીધર્મ, યહૂદીધર્મ, ખ્રિસ્તીધર્મ